સમાજ, સાહિત્ય અને સંસ્કારનું નૂતન માસિક

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ

॥ शिवमस्तु सर्वजगत:



સંપાદક: સોમચંદ ડી. શાહ

જુનું વર્ષ ૪ થું; નવું વર્ષ ૨ જું;

: લવાજમ : રૂ. ૪-૦-૦

જ્યેષ્ઠ સં. ૨૦૦૩

વી. સં. ૨૦૦૩ | અંક ૪ થો; | લવાજમ,
વીર સં. ૨૪૭૩ | જ્યેષ્ઠ | રૂ. ૪-૦-૦

# વિષય દર્શન


| વિષય | લેખક | પેજ |
|---|---|---|
| **સત્યં શિવં સુંદરમ્** ... ... ... | **ક૦** | ૧૦૯ |
| હળવી કલમે ... ... ... | સંપાદક | ૧૧૦ |
| આત્મધર્મ સમીક્ષા ... ... ... | શ્રી દર્શક | ૧૧૨ |
| મહાસાગરનાં મોતી ... ... ... | પૂ. આ વિજયરામચંદ્રસૂરિજી મહારાજ [ સં. શ્રી કપુરચંદ આર, વારૈયા. ] | ૧૧૭ |
| સુવાકયોની રચના ... ... ... | પૂ. પં. શ્રી પ્રવિણવિજયજી મ. | ૧૧૮ |
| ધર્મરક્ષક તલવાર ! ... ... ... | શ્રી પ્રભુદાસ બહેચરદાસ પારેખ. | ૧૨૦ |
| નવી નજરે ... ... ... | શ્રી સંજય | ૧૨૩ |
| હરીયાળી ... ... ... | શ્રી પ્રકર્ષ | ૧૨૭ |
| સાહેબની સ્પેશ્યલ ... ... ... | શ્રી કનૈયાલાલ જ. રાવળ | ૧૨૮ |
| શત્રુંજયની ધરતીપર ... ... ... | શ્રી સોમચંદ શાહ. | ૧૩૩ |
| આમ્રભટ્ટ ... ... ... | શ્રી પન્નાલાલ જ. મસાલીઆ. | ૧૩૮ |
| દ્રવ્યગુણ પર્યાયનો રાસ ... ... | પૂ. મુનિરાજ શ્રી મુક્તિવિજયજી મ. | ૧૪૧ |
| ચલચિત્રોની અવદશા... ... ... | શ્રી ચંદુલાલ બી. સેલારકા. | ટાઈટલ પેજ ૩ |



### "કલ્યાણ" માં જાહેરખ આપવાના દર

| | ૧ માસ | ૩ માસ | ૬ માસ | ૧૨ માસ |
|---|---|---|---|---|
| આખું પેજ રૂ. | ૧૫) | ૩૫) | ૬૦) | ૧૦૦) |
| અડધું પેજ રૂ. | ૯) | ૨૦) | ૩૫) | ૬૦) |
| પા પેજ રૂ. | ૫) | ૧૨) | ૨૦) | ૩૫) |

ટાઇટલ પેજ ૨ જું રૂ. ૨૦) ટાઇટલ પેજ ત્રીજું રૂ. ૨૫) ટાઇટલ પેજ ૪થું રૂ ૩૫) એક વખત માટે

કલ્યાણ હજારો વાંચકોના હાથમાં જાય છે. કચ્છ, કાઠિયાવાડ, ગૂજરાત, મારવાડ, મહારાષ્ટ્ર આફ્રીકા, વગેરે દેશોમાં જેના ગ્રાહકો છે. એક વખત આપના માલની જાહેરખ આપી ખાત્રી કરવા ભલામણ કરીએ છીએ. અશિષ્ટ જાહેરખ લેવામાં આવતી નથી.

**કલ્યાણ પ્રકાશન મંદિર**
**પાલીતાણા** [ કાઠિયાવાડ ]


### ગ્રાહકોને:—

૧ પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવા ચુકવું નહિં.
૨ સીરનામું ફરે એટલે તુરતજ અમને જણાવવું.
૩ લવાજમ મનીઓર્ડરથી મોકલી આપવું.
૪ નવા ગ્રાહકો બનાવવામાં સહાયક થવું.
૫ જે અંકે આપનું લવાજમ પુરૂં થાય છે. તે અંકે સૂચનાની કાપલી મુકવામાં આવે છે.

# કલ્યાણ

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

નૂતન માસિક

જ્યેષ્ઠ : ૨૦૦૩

લવાજમ; રૂા. ૦-૪-૦


## सत्यं शिवं सुन्दरम् ———— ક૦

એકવાર મહર્ષિ શ્રી કાલિકસૂરિજીને, રાજા દત્તે પૂછ્યું; 'ભગવન્ ! યજ્ઞનું ફલ શું ?' પ્રશ્નકાર દત્ત જાતે બ્રાહ્મણ હતો. કર્મે યજ્ઞ-યાગાદિ હિંસાત્મક ક્રિયાકાંડોનો ચુસ્ત ઉપાસક હતો. આચાર્ય મહારાજ મૌન રહ્યા. કારણ, દત્ત અયોગ્ય હતો. સત્યને સહમજવાની શક્તિ તેનામાં નહતી. ફરી દત્તે પૂછ્યું; જવાબમાં, એજ મૌન. બીજીવાર, ત્રીજીવાર એમ ફરી ફરી દત્તે આગ્રહ કર્યો; સત્યવ્રતસૂરિજીએ મૌન તોડયું; 'પશુ હિંસાત્મક યજ્ઞનું ફલ નરક' સાંભળતાંજ દત્તના હૈયામાં રોષનો અગ્નિ ભભૂકયો. 'વારૂ ! કહો તો ખરા હું કયાં જઈશ ?' નિર્ભયપણે સૂરિજી મહારાજ બોલ્યા 'નરકમાં, તારૂં આચરણ એવું છે માટે'-આથી દત્ત વધુ ઉશ્કેરાયો. એની જબાન કાબુમાં ન રહી; એણે આક્રોશપૂર્વક સૂરિજીને પૂછ્યું; 'ત્યારે તમારૂં સ્થાન સ્વર્ગમાં જ હશે-ને ?' ગંભીરતાથી સૂરિ મહારાજ બોલ્યા 'હા ! અવશ્ય'. આથી વધુ સંતપ્ત બનેલા દત્તે તે મહર્ષિને આપત્તિમાં મૂકયા. ઠેઠ સુધી કાલિકસૂરિજી મકકમ રહી, અડગપણે સમાધિ જાળવી, કસોટીમાંથી અણિશુદ્ધ પાર પામ્યા.

વાણી-વચનયોગ-એ, બલવાન સાધન છે. સ્વ-પરની દ્રવ્ય ને ભાવ હિંસાને ઉત્તેજનારૂં હિંસક અધિકરણ વાણીનો વિવેક વિનાનો દુરૂપયોગ છે. જ્યારે સમસ્ત સંસારના ઉદ્ધારને કરવાને અજોડ શક્તિ વચનના પુદ્ગલોમાં જો તેનો સદુપયોગ થાય તો ભારોભાર ભરેલી છે. મનના આવેશને, રોષ કે-ક્રોધને વધુ વ્યાપક, ને ઉગ્રપણે સંહારકરૂપ આપવાની તાકાત જબાનમાં છે. મનના રોષને કે આવેશની લાગણીને યા અંતરના તાપને મારનારૂં અમીવાણીના સંયમમાં સમાયેલું છે. અયોગ્ય વાતાવરણમાં શબ્દોનું મૌન ભાવિકાલના શુભમાં પરિણમે છે માટે જ મૌન સાધે તે મુનિ કહેવાય છે.

મૌન માટેનો કાલિકસૂરિમહારાજનો આટઆટલો આગ્રહ સકારણ હતો. એમાં નિર્બલતા ન હતી, પણ વાણીના સંયમની કિંમત હતી. સત્યનો પ્રેમ, સિદ્ધાન્તનો રાગ અને આત્માનું બળ ત્યાં જ્વલંત હતું. પણ સત્યનો પ્રકાશ ખમી શકવાની આત્મામાં યોગ્યતા ન હતી જ્યારે સત્યને ઉચ્ચારવાની અનિવાર્યતા જણાઇ ત્યાં હિતકર સત્ય, શબ્દોના વિવેકપૂર્વકના સૌન્દર્યથી તે મહર્ષિએ ઉચ્ચાર્યું, જરૂર. પણ પરિમીત ભાષામાં સંયમીને છાજતી મર્યાદા સહિત.

સત્યનો આગ્રહ રાખો, પણ સત્ય બોલવાનો આગ્રહ ન રાખો, બોલવું તો સત્ય જ; એ સત્યવ્રત પુરૂષોનો સત્ય માટેનો આગ્રહ કહેવાય. પણ તે, યોગ્ય અવસરે ને હિતકર હોય તોજ; આવું પણ સત્ય, ભાષાના સંયમથી શોભતું-મીતપણે ઉચ્ચારવામાં આવે ને વિવેકના સૌન્દર્યનો સુમેળ હોય તો જ તે **सद्भ्यो हितम्** એ મુજબ સત્યની વ્યાખ્યાને અનુરૂપ બની શકે છે. આથી જ મહાપુરૂષોએ ઉપદેશ્યું છે, કે; **सत्यं शिवं सुन्दरम्** વિવેકયુક્ત વાણીના સંયમથી સુંદર, એવું સત્ય ખરેખર સંસારનાં સમસ્ત દુઃખોને ટાળનારૂં શિવ-કલ્યાણકર અમૃત છે.

# ઢળતી કલમે

## : પ્રાસંગિક નોંધ :

### સર્વ ધર્મપરિષદ્;

વાચકો જાણતા હશે કે, અમદાવાદખાતે ગણત્રીના દિવસો પહેલાં હિન્દુ, જૈન, સનાતન, જરથોસ્તી, મુસ્લીમ, યાહુદી વગેરે ધર્મના અમુક અનુયાયીઓની એક પરિષદ્ ભરાણી હતી. જેના લંબાણથી અહેવાલો, ફોટાઓ અને વક્તાઓનાં વ્યાખ્યાનો વગેરેની પ્રસિદ્ધિ દૈનિક, અઠવાડિક અખબારોમાં થઈ ચૂકી છે. એટલે પરિષદે મહત્ત્વનું શું કાર્ય કર્યું એનો ખ્યાલ વિચારકોને આપો–આપ આવી શકે તેમ છે પણ આ પરિષદ્ સમ્બધિ મારૂં શું મંતવ્ય છે તે સ્વતંત્ર રીતે રજુ કરૂં છું.

પૂર્વકાળમાં રાજસભાઓના આશ્રય તળે ધર્માચાર્યોની કે વિદ્વાનોની બેઠકો મળતી હતી તેની હા છે, પણ તેમાં દરેક ધર્માચાર્યો અને વિદ્વાનો પોત–પોતાના ધર્મને વફાદાર રહી ધર્મસિદ્ધાંતોને અને દ્રષ્ટિબિન્દુઓને રજુ કરતા અને એમ કરવામાં પણ દરેકનો આશય જગતમાં આદર્શો અને આર્ષદ્રષ્ટિનો પ્રચાર કરવાનો હતો. વાદ–વિવાદ કે ધર્મચર્ચાઓ પણ થતી હતી એમ આપણને ઇતિહાસ કહે છે પણ એ દરેકની પાછળ અધ્યાત્મવાદનું બળ હતું. ત્યારે આજે તો જે પરિષદો બોલાવવામાં આવે છે કે ભરવામાં આવે છે તેની પાછળ વિજ્ઞાનવાદનો સુર છે એટલે બન્ને પરિષદો વચ્ચે મહાન અંતર છે,

પરિષદ્‌ની શરૂઆત ગીતા, કુરાન અને યાહુદીઓના ઇષ્ટદેવની પ્રાર્થનાથી થઇ છે પણ જગત્ પર જેનો મહાન ઉપકાર છે એવા વીતરાગ દેવની પ્રાર્થના થઈ હોય કે કરી હોય એમ વર્તમાન પત્રોના અહેવાલો જણાવતા નથી. સુધારક[?] ગણાતા માનસને તો વીત-રાગદેવની પ્રાર્થનાનો આગ્રહ રાખવો એ પણ સાંપ્રદાયિક કે સંકુચિત્તપણું લાગશે.

ધર્મપરિષદ્ પૂર્વે "સર્વ" શબ્દ જોડવો એ યુક્ત છે કે નહિ એ પણ વિચારણીય છે. કારણ કે જગતમાં ધર્મો ઘણા છે અને એ બધા ધર્મવાળાઓ આ પરિષદમાં ભાગ લેતા હોય કે ભેગા થતા હોય એ અસંભવીત છે, અને તે સિવાય બધા ધર્મોનું પ્રતિનિધિત્વ ધરાવી સર્વ ધર્મ પરિષદનું ડિંડિમ પીટવું એ પણ યોગ્ય લાગતું તો નથી.

ધર્મપરિષદ્ ભરવાનો મહત્ત્વનો હેતુ શો છે ? એ પ્રશ્નના જવાબમાં વક્તાઓનાં વ્યાખ્યા-નોનો સુર આપણને એમ માનવા પ્રેરે છે કે, સઘળા ધર્મોનો સમન્વય કે સમભાવ કેળવવો એ આવશ્યક છે અને દુનિયાદારીની પ્રગતિમાં કે વિજ્ઞાનવાદના જમાનામાં ધર્મક્રાંતિની જરૂર છે, પણ તેમ કરવા જતાં તો સમન્વય અને સમભાવ તો એક બાજુ રહી જશે અને એક નવા ધર્મનું તૂત ઉભું થશે.

ધર્મપરિષદ્, ધર્મી જનતાને આધ્યાત્મિક-દ્રષ્ટિ કે આર્યભાવનાથી ખસેડી ભૌતિકવાદ કે વિજ્ઞાનવાદ જેવા વાદો તરફ ખેંચી જશે તો આર્યોની, સંસ્કાર, સાહિત્ય, સિદ્ધાંતો અને આચાર–વિચારોની દ્રષ્ટિએ જે વિશિષ્ટતા છે, તેનો હ્રાસ થશે અને 'લેને ગઈ પુત અને ખોઈ આઈ ખસમ' જેવી પરિસ્થિતિ ઉભી

થશે, હાથ પર રહેલી મૂળ મુડીને વેડફાઇ જતાં પણ વાર નહિ લાગે. એટલે સારૂં કરવા જતાં ખરાબ ઘણું થઈ જશે.

ધર્મ કરતાં વિજ્ઞાનને જેઓ વધુ મહત્ત્વ આપે છે તેઓજ મૌલિક બાબતોથી ચ્યુત થઇ, સ્વરાજ, વિજ્ઞાન, ક્રાંતિ, ઉદારતા, સમન્વય, સમભાવ, શાંતિ, સત્ય, અહિંસા, સનાતન, કલ્યાણ વગેરે સુંદર અને લાલિત્ય ભરેલા શબ્દોનો આશરો લઈ ધર્મના ભેળસેળની બડી-બડી વાતો કરે છે અને જનતાને ધર્મના ભ્રમમાં મૂકી દે છે. કાચા કાનના અને હૃદયના બિન-સાબુત માણસો તેમાં દોરવાઇ જાય છે.

વિજ્ઞાનને ધર્મપ્રત્યે નહિં ખેંચતાં ધર્મને વિજ્ઞાન પ્રત્યે ખેંચી જવામાં આવે છે એથી તો ધર્મ ઉપર વિજ્ઞાનનું આધિપત્ય જામશે અને ધર્મનું મહત્ત્વ ઘટશે અને જગત પર વિજ્ઞાનનું સામ્રાજ્ય સ્થપાશે. વિજ્ઞાન જગતનું ઉદ્ધારક નથી પણ ધર્મ, જગતનો ઉદ્ધારક છે. વિજ્ઞાન ખાલી બોલવાનું શીખવે છે ત્યારે ધર્મ આચરણમાં મૂકવાનું શીખવે છે. વિજ્ઞાનનું સ્થાન ધર્મના સ્થાન કરતાં ઉતરતું છે. વિજ્ઞાનની આંધિમાં ધર્મ અને ધર્મના નાયકો અટવાઇ જાય તો ગાડરીયા પ્રવાહ સરખું આખું જગત તેમાં અટવાશે.

ધર્મની પરિષદોમાં નાટક-સીનેમાની ટીકીટોની માફક, રૂા. દશ-પાંચ કે બેની ટીકીટો વેચી હજારો રૂપીઆ એ રીતે ભેગા કરવા અને એ હજારો રૂપીયા બે દિવસના પ્રોગ્રામમાં [કેવળ વ્યાખ્યાનો માટે] હોમી દેવા એ પણ આજના મોંઘવારીના સંયોગોમાં પાલવી શકે તેમ નથી. છાપામાં પરિષદના જમા-ઉધારના આંકડાઓ આવ્યા હતા તેમાં રૂા. ૧૫૦૦૦થી વધુ ખર્ચ બતાવ્યો હતો. કેવળ ધર્મનો જ પ્રચાર કરવાનો હેતુ જો હોય તો રૂા. આપીને ખરીદાતી ટીકીટ બારીઓ બંધ રાખવી જોઇએ. અને પારકા પૈસે દિવાળી કરવાની ટેવને પણ છોડી દેવી જોઇએ.

પરિષદના મોવડીઓનું કહેવું છે કે, ધર્માંધતા વધતી જાય છે એટલે ધર્મ ખતરામાં છે પણ ખરી રીતે ધર્મને ચુસ્તપણે વળગી રહેવું એ ધર્માંધતા નથી પણ ધર્મશ્રદ્ધા છે. ધર્મ ખતરામાં નથી પણ વૈજ્ઞાનિક વાતાવરણનો વ્યામોહ જેને લાગુ પડયો છે તેવાઓ ખતરામાં જરૂર છે એમ કહેવું જરાપણ ખોટું નથી. શાસનદેવ એવાઓને સદ્‌બુદ્ધિ અર્પે એજ ઇચ્છિવાનું રહે છે.

પરિષદ્‌ના ફોટાઓ અખબારોમાં છપાયા છે; તેમાં એક બ્લોક એવો જોવામાં આવ્યો છે કે, એક બાજુ મુનિશ્રી પુણ્યવિજયજી; બીજી બાજુ યતિશ્રી હેમચંદ્રજી અને વચમાં એક સ્ત્રી વક્તાનો ફોટો હતો. જૈનના સાધુ સ્ત્રી સાથે ઉભા ન રહે છતાં આમ કેમ બનવા પામ્યું હશે? એમ કેટલાક વાચકોને બ્લોક જોતાં લાગે તેવું છે. પણ એ રીતે બ્લોક ગોઠવવાની છાપવાળાની ચાલબાજી છે. ત્રણે ફોટાઓનો સાથે બ્લોક બનાવરાવી છાપામાં છાપવામાં આવ્યો છે.

જગતના સદ્‌ધર્મ સાથે અધકચરા ધર્મોનો સમન્વય થઈ શકે નહિ. દરેક ધર્મનાં દ્રષ્ટિબિન્દુઓ અલગ-અલગ છે. જગતના ધર્મોનો સમન્વય મીઠી વાણીમાં કરવા કરતાં, જે સદ્‌ધર્મ દેખાતો હોય તેનું પાલન કરવું વધુ શ્રેયસ્કર છે. કોઈ પણ સમયમાં ધર્મોની એકતા થઇ નથી, થઈ શકશે પણ નહિ, આવી વાતોથી સમાજ ધર્મથી બલ્કે ચ્યુત થઇ કોઈ જડવાદ જેવા ધર્મમાં ફસાઇ જશે માટે સમન્ય-સમભાવની વાહિયાત વાતો જતી કરી સદ્‌ધર્મમાં રક્ત બનો એજ અભિલાષા.

વીતરાગ દેવે પ્રરૂપેલ ધર્મ જ જગતમાં સદ્‌ધર્મ છે-સાચો ધર્મ છે.

# જ્યારે દૂધને જોનારી બિલાડી ડાંગ જોઇ શકતી નથી

# આત્મધર્મ સમીક્ષા;

— શ્રી દર્શક

**શ્રી** કાનજીસ્વામીના 'આત્મધર્મ' માસિકના ચાલુ વર્ષના ચૈત્રી અંકમાં દિગંબર વિદ્વાનોની પરિષદનો અહેવાલ પ્રગટ થયો છે. જે જોતાં એમ લાગે છે કે, દિગંબર ધર્મના આ બધા પંડિતો ખરેખર સોનગઢ આશ્રમના અતિથીગૃહની મહેમાનગતનો શિકાર બની, ખુદ પોતાના દિગંબર ધર્મ-સંપ્રદાયની ભયંકર કુસેવા કરનારા બન્યા છે. જો કે એ વાત સાચી છે કે, 'ભાઇને કોઇ દેનાર નહિં અને બાઇને કોઇ લેનાર નહિ" એ ન્યાયે સબ સબકે સ્વાર્થમાં રમી રહ્યા છે. એટલે આ પરદેશી દિગંબર પંડિતોને ગુજરાત–કાઠીયાવાડની અજાણી ભૂમિમાં આમંત્રણ આપી એમની આગતા–સ્વાગતા કરી, એમની સરભરા કરનાર કોઇ હતું નહિ, જ્યારે બીજી બાજુ સોનગઢના આશ્રમની મુલાકાત લેનાર અજાણ્યા ભોળા લોકો હતા, પણ આવા પંડિતો આવે તો કાંઇક આશ્રમનો સમાજપર વધુ પ્રભાવ પડે આ લાલચથી આશ્રમના સંચાલકોને આ પરિષદને આમંત્રણ આપવામાં સ્વાર્થ વસ્યો હતો.

આના પરિણામરૂપે દિગંબર પંડિતો જે લગભગ ૩૨ ની સંખ્યામાં હતા, તે લોકો આજથી આશરે બે મહિના પર સોનગઢ મુકામે કાનજીસ્વામીના આશ્રમમાં ભેગા થયા હતા. તે બધા પંડિતોનું નાનકડું સંમેલન ભરાયું હતું. જેમાં બે-ચાર પંડિતોએ ભાષણો કર્યાં હતાં. તેમ જ કાનજીસ્વામી તથા તેઓના અંગત મંત્રી દોશી રામજીભાઈ વગેરેએ પણ ચર્ચા–વ્યાખ્યાનો ઇત્યાદિમાં ભાગ લીધો હતો. એમ 'આત્મધર્મ'માં પ્રગટ થયેલા અહેવાલ પરથી જાણી શકાય છે.

આ વિદ્વત્પરિષદના પ્રમુખ પં. કૈલાસચંદ્ર શાસ્ત્રી હતા. જેઓ ભદૈની–બનારસની સ્યાદ્વાદ મહાવિદ્યાલયના અધ્યાપક છે. તેઓએ પોતાના ભાષણમાં કાનજીસ્વામીનાં વખાણ કરવામાં માઝા મૂકી દીધી છે. 'અધ્યાત્મધામ–સોનગઢ'ના સંચાલક તરીકે કાનજીસ્વામીને વખાણી, ખુદ કુંદકુંદસ્વામીની સમાન કક્ષાયે તેઓને આ પંડિતે મૂકી દીધા છે. તેઓ જણાવે છે કે, 'આજ બેહજાર વર્ષ પછી, હું મહારાજજીને કુંદકુંદસ્વામીના મૂર્તિમંતરૂપે જોઈ રહ્યો છું. અને મારી વારંવાર આ જ ભાવના છે કે, મહારાજજીને સાક્ષાત્ કુંદકુંદના રૂપમાં હું દેખું,

[ આત્મધર્મ: વર્ષ ૪ : અંક ૬ : પૃષ્ઠ ૧૦૨ ]

વાહ! પંડિતજી વાહ! હવે બાકી શું રહ્યું? જ્યારે મૂર્તિમાન કુંદકુંદસ્વામી આજે આ ભૂમિ પર સદેહે પધાર્યાં છે, તો હવે બીજે દૂર–દૂર શા સારૂ અથડાઈ–કૂટાઈ રહ્યા છો? આ સોનગઢ આશ્રમમાં જ શ્રી સ્વામીજીનાં ચરણોમાં ઝૂકી પડોને?

પંડિતજીના આખાયે ભાષણનું અવલોકન કરતાં આપણને સ્હેજે જણાઈ જાય છે કે, દિ૦ પરિષદના પ્રમુખ તરીકેની જવાબદારી ભૂલી, એઓએ કાનજીસ્વામીની ખુશામત કરવામાં પોતાના સંપ્રદાયની પણ મર્યાદાનો તેમજ શિસ્તનો ભયંકર દ્રોહ કર્યો છે. વારૂ, કૈલાસચંદ્રજીને આપણે પૂછીશું કે, શું કુંદકુંદસ્વામી અને કાનજી મહારાજ બન્ને વચ્ચે સમાનતા છે ખરી? એમના આચાર–વિચારો અને કાનજીસ્વામીના આચાર–વિચારોમાં તમને એકતા જણાય છે વારૂ? ભલા! કાનજીસ્વામીની જેમ કુંદકુંદસ્વામી વ્યવહાર નિરપેક્ષ નિશ્ચયને માનતા કે પ્રરૂપતા હતા કે? શું કુંદકુંદસ્વામી પરિગ્રહધારી હતા? આશ્રમ, બાગ, બંગલાઓ, વસાવી વર્ષોના વર્ષોસુધી જે રીતે કાનજીસ્વામી આજે એક સ્થાને મઠધારીની જેમ પડયા–પાથર્યા રહે છે તેમ કુંદકુંદસ્વામી રહેતા હતા તેમ તમો તમારા દિગંબર શાસ્ત્રોની માન્યતા મુજબ માનો છો કે? કાનજીસ્વામી આજે જે રહેણી–કહેણીમાં વર્તી રહ્યા છે એ સ્થિતિને દિગંબર ધર્મ સંપ્રદાયના નિર્ગ્રન્થો, એલકો કે ક્ષુલ્લકો જેવી તમો તમારા શાસ્ત્રોની દૃષ્ટિયે સ્વીકારો છો?

શરીરપર મુલાયમ બારીક કપડાં, સફેદ બગલાની પાંખ જેવી કાસ્મીરી કાંબલ, હાથમાં સરબતી મલમલનો રુમાલ, પાલીશ કરેલો ચકચકિત કાચ અને બાજુમાં મોરપીંછું. આ વેષ કે જેને કાનજીસ્વામીએ વર્તમાનમાં રાખ્યો છે, તે વેષધારીને તમે

લોકો, દિગંબર ધર્મના નિર્ગ્રંથ સાધુ માનો કે પરિગ્રહધારી ગૃહસ્થ માનો ?

પોતાની જાતને દિગંબર ધર્મના પંડિત તરીકે ઓળખાવનારા કૈલાસચંદ્રજીને એટલો પણ ખ્યાલ ન રહ્યો કે, જે દિગંબર સંપ્રદાય, મર્યાદા સાચવવા પૂરતાં પણ વસ્ત્રોને રાખવામાં પણ પરિગ્રહ માની તે રાખનારને મૂર્ચ્છાવાળા કહીને, પરિગ્રહધારી ગૃહસ્થ કહેવામાં પોતાની શાસ્ત્રદષ્ટિયે વ્યાજબી માને છે, તે દિગંબર સંપ્રદાયના પંડિત બની પોતે આવા બાગ, બંગલા, અતિથિગૃહો, સ્વાધ્યાયમંદિરો, પ્રવચનમંડપો વગેરે મકાનોનો પરિગ્રહ વસાવી વર્ષોના વર્ષોસુધી એકત્રસ્થાનમાં રહેનાર કાનજીસ્વામીને, આજે પોતાના સંપ્રદાયના નિર્ગ્રન્થ સાધુ શ્રીમાન કુંદકુંદસ્વામીની તુલનામાં મૂકવામાં તૈયાર થાય છે. આ કેટલું હાસ્યાસ્પદ ગણાય ! પોતાના દિગંબરધર્મસંપ્રદાયના કહેવાતા નિર્ગ્રન્થપદની મશ્કરી નહીં તો બીજું શું ?

મને તો લાગે છે કે, કૈલાસચંદ્ર તેમજ આ બધા દિગંબર પંડિતો, કાનજીસ્વામીના આશ્રમની મોંઘી મહેમાનગતિની મોજમાં મૂંઝાઇ ગયા હશે ? અથવા તો કુંદકુંદસ્વામીના ગ્રન્થોનો સ્વાધ્યાય–અધ્યયન–અધ્યાપન જે આ આશ્રમમાં થઈ રહ્યું છે તેમાં પોતાના ધર્મસંપ્રદાયના પ્રચારની ઘેલછાથી લાગણીવશ બની ગયા હશે ? ભલે ગમે તે કારણ હોય, પણ આવી પ્રશંસાના બ્હાને ખુશામત કરવાને કારણે આ પંડિતોની સ્થિતિ ' લેને ગઇ પૂત ઔર ખો આઇ ખસમ ' ના જેવી બની છે, એમ સહુ કોઈ વિચારક વિદ્વાનને લાગ્યા વિના નહિ રહે ! જો કે, આ વસ્તુ ખુદ કૈલાસચંદ્રજીને પોતાને પણ હૃદયમાં ખટકી હોય એમ લાગે છે. જે પાછળના તેઓના શબ્દોપરથી જણાઈ આવે છે. તેઓ કહે છે કે, ' મારી વારંવાર આ જ ભાવના છે કે, મહારાજજીને હું સાક્ષાત્ કુંદકુંદના રૂપમાં કયારે દેખું ? '

પંડિતજીનું આ વાકય બિલકુલ અસ્પષ્ટ છે. આનો ભાવાર્થ સ્હમજાતો નથી. પૂર્વના વાકયમાં તેઓ કહે છે કે, ' આજે બે હજાર વર્ષે હું મહારાજ કાનજીસ્વામીને કુંદકુંદના મૂર્તિમંતરૂપે જોઇ રહ્યો છું'. જ્યારે પાછલા વાકયમાં ' સાક્ષાત્ કુંદકુંદના જ રૂપમાં કયારે દેખું ? ' આમ હજુ તેઓ કાનજીસ્વામીને કુંદકુંદના રૂપમાં જોવાની અભિલાષા રાખે છે. તો તે અભિલાષા દેહરૂપે, વેશરૂપે કે અન્યરૂપે, તે કાંઈ સ્પષ્ટ થતું નથી. દેહરૂપે તો કદિકાલે બની શકવું શકય નથી. હા, કદાચ વૈક્રિયલબ્ધિના કારણે એ બને પણ એમ કુંદકુંદના દેહરૂપે કાનજીસ્વામીને જોવાથી આ બધા પંડિતોને શું લાભ ? વેશરૂપે કે આચાર વિચારરૂપે કુંદકુંદના સાક્ષાત્ રૂપમાં કાનજીસ્વામીને જોવાની જો આ પંડિતજીને ઇચ્છા હોય તો એ બધું એમણે ત્યાં સ્પષ્ટ કરવું જોઇએ ને ? એમણે એ કહેવું જોઇએ કે, ' તમો હજુ ગૃહસ્થ છો, અમારા ધર્મસંપ્રદાય પ્રમાણે ' સ્વામી કે નિર્ગ્રંથ બનવું હોય તો આ બધો પરિગ્રહ, આડંબર ત્યજી દીધા વિના છૂટકો નથી !' પણ કાનજીસ્વામીને આવા સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપવાની આ બધા ગૃહસ્થ પંડિતોમાં નૈતિક હિંમત કયાંથી હોઇ શકે ?

*દિ૦ વિદ્વાનભાઇઓની આ પરિષદે, સોનગઢમાં* ત્રણ દિવસની સ્થિરતા દરમ્યાન કાનજીસ્વામી માટે એક ઠરાવ કરવા સિવાય બીજું કાંઈ જ રચનાત્મક કાર્ય કર્યું હોય એમ જણાતું નથી. આ ઠરાવના આરંભમાં તેઓએ, કાનજીસ્વામીને કુંદકુંદાચાર્યની વાણીને ઓળખનાર તેમજ પ્રચારનાર કહીને અભિનંદન આપવાનો દેખાવ કર્યો છે. કાનજીસ્વામીની આટ–આટલી ખુશામત કરનારા તે લોકોના હૈયામાં એ મહત્ત્વાકાંક્ષા ચોક્કસરૂપે બેઠી છે કે, ' સોનગઢના આ આશ્રમદ્વારા ગૂજરાત–કાઠીયાવાડની ફલદ્રુપ ભૂમિપર જો દિગંબરધર્મ સંપ્રદાયનો ઝંડો ફરકતો થઇ જાય તો 'બસ બેડો પાર !' પણ આ દિગંબર પંડિતોને એ કયાંથી ખબર હોય કે, લોભીયા વસે ત્યાં ધૂતારા કોઈ દિવસે ભૂખ્યા રહેતા નથી !

એ લોકોએ આ અવસરે સ્હમજી લેવું જોઇએ કે, સોનગઢ આશ્રમ એ, દિગંબર સંપ્રદાય, શ્વેતાંબર સંપ્રદાય, કે સ્થાનકવાસી સંપ્રદાય આ ત્રણેયમાંથી એક પણ સંપ્રદાયમાં વાસ્તવિકરીતે શ્રદ્ધા ધરાવનાર નથી. કાનજીસ્વામી તેમજ તેઓના ભકતો, આ આશ્રમદ્વારા એક નવો જ વાડો ઉભો કરવા ઇચ્છે છે. તેને માટે જ તે લોકો આટ–આટલી મહેનતો કરે

છે. આ આશ્રમના પ્રચારકોના સિદ્ધાંતો, મંતવ્યો અને આચાર વિચારો કોઇ જુદી કોટિના અને કોઇ પણ ધર્મસંપ્રદાયના શાસ્ત્રગ્રંથોની સાથે મેળ ન ખાય તે સ્થિતિના સ્વકપોલકલ્પિત, વિસંવાદી તેમજ અવાસ્તવિક છે,

આશ્રમના મુખ્ય સંચાલક કાનજીસ્વામી સ્વાધ્યાય મંદિરના વ્યાખ્યાન પીઠ પર બેસીને; કુંદકુંદાચાર્યના **સમયસાર** ગ્રંથ પર કે અષ્ટપ્રાભૃત પર જે પ્રવચનો આપી રહ્યા છે; તે એટલા બધા અસંગત અને વ્યવહાર નિરપેક્ષ નિશ્ચયના પ્રતિપાદક છે, કે જેને સામાન્ય બુદ્ધિવાળો ધર્માત્મા પણ નજ સ્વીકારી શકે; આ હકીકતના અનુસંધાનમાં આત્મધર્મના કેટલાંક લખાણો અહિં રજૂ કરી શકાય તેમ છે; જેમકે, તેઓ જણાવે છે કે,

(૧) 'શુદ્ધ ચેતન પરિણામને જ ધર્મ કહ્યો છે. જેટલી પરજીવની દયા, દાન, પૂજા, વ્રત વગેરેની ×**શુભ કે** હિંસાદિની અશુભ લાગણી ઉઠે તે બધો **અધર્મભાવ** છે. દેહાદિની ક્રિયા તો આત્મા **કરીજ** શકતો નથી. પરંતુ શુભ પરિણામ કરે તે પણ **ધર્મ જ** નથી.'

[ આત્મધર્મ: અંક: ૩૫: પૃષ્ઠ ૨૦૩: કોલમ ૧ ]

(૨) જો પર જીવની દયા પાળવાના શુભરાગમાં ધર્મ હોય તો સિદ્ધદશામાં પણ પરજીવની દયાનો રાગ હોવો જોઇએ ! પરંતુ **શુભરાગ તે ધર્મ નથી,** પણ અધર્મ છે, **હિંસા છે.**

[ આત્મધર્મ: અંક: ૩૫: પૃષ્ઠ: ૨૦૪: કોલમ ૨ ]

(૩) પર જીવને મારવો તે હિંસા અને પરજીવને ન મારવો તે અહિંસા, **એવી વ્યાખ્યા સાચી નથી.** પુણ્ય પાપ મારાં એવી માન્યતા **તેજ હિંસા છે.** અને પુણ્ય–પાપ ભાવ મારૂં સ્વરૂપ નથી, હું તો તેનો **પણ જ્ઞાતાજ** છું:— એવી માન્યતા **તેજ** અહિંસા છે પુણ્ય–પાપના ભાવ રહિત સ્વરૂપ સમજીને પોતાના સ્વભાવમાં ઠરી જાય અને પુણ્ય–પાપ રહિત અહિંસા પ્રગટે તેથી બીજા પ્રાણીને તેની અસરથી કાંઈ લાભ થાય—**એ વાત સાચી નથી.** [ અંક: ૩૫: પાનું: ૨૦૭ ]

(૪) પુણ્યક્રિયાથી ધર્મ થાય એમ માનવું તેમાં સાચી સમજણરૂપ **ધર્મક્રિયાનું ઉત્થાપન છે.** અને અધર્મક્રિયાનું ધર્મક્રિયા તરીકે સ્થાપન છે; તે માન્યતા મિથ્યા છે. [ અંક: ૩૬: પાનું ૨૧૧ ]

(૫) શરીરની ક્રિયા **મોક્ષનું કારણ નથી.** આત્મામાંથી પણ મુક્તિ થાય અને વ્રતાદિના શુભ-વિકાર ભાવથી પણ મુક્તિ થાય એમ માનવું તેમાં **વિકારી ક્રિયા** અને **અવિકારી ધર્મક્રિયાને** એકપણે માની તેથી તે **એકાંત માન્યતા** છે.— મિથ્યામાન્યતા છે. [ અંક ૩૬: પાનું ૨૧૧ ]

(૬) બહારમાં **છ ખંડનું રાજ્ય** અને છન્નુ **હજાર રાણીઓ**નો સંયોગ હોવા છતાં અંતરમાં જેને આત્મભાન વર્તે છે, અને પુણ્ય મારૂં સ્વરૂપ નથી. **પુણ્યથી મને લાભ નથી.** પરંતુ **હું** કાંઈ **કરી શકતો નથી,** એવી પ્રતીત છે. તેણે અભિપ્રાયમાંથી ત્રણેકાળના વિકારોનો અને પરદ્રવ્યોનો ત્યાગ કર્યો છે. [ અંક: ૩૮: પાનું ૩૬ ]

(૭) પૈસા હોય તો પુણ્ય ઉપજે અને શરીર સારૂં હોય તો ધર્મ થાય આ બન્ને માન્યતા **તદ્દન મિથ્યા** છે તેવીજ રીતે **દેવ–ગુરૂ–શાસ્ત્ર**ની હાજરી **જીવને ધર્મ પમાડે** એ વાત પણ **મિથ્યા જ** છે.

[ અંક: ૩૯: પાનું ૫૨ ]

(૮) ઉપાદાન અને નિમિત્ત તે બંને **જુદા જુદા** પદાર્થો છે, **કદી** કોઇ એકબીજાનું કાર્ય કરતા નથી.—આમ નક્કી કરીને **નિમિત્તનું લક્ષ છોડીને** પોતાના ઉપાદાન સ્વરૂપને લક્ષમાં લઇને ઠરવું **તેજ** સુખી થવાનો—મોક્ષનો ઉપાય છે.

[ અંક: ૩૯: પાનું ૫૪ ]

(૯) સાધક ધર્માત્માને વીતરાગની યથાર્થ ઓળખાણ અને બહુમાન છે, પણ હજી પોતાને સંપૂર્ણ વીતરાગતા થઇ નથી; તેથી **વીતરાગ પ્રત્યેની ભક્તિનો શુભરાગ** આવે છે, જ્ઞાનીને સંપૂર્ણ રાગથી રહિત આત્માનું ભાન છે, અને રાગનો ત્યાગ કરતાં **શુભરાગ** રહી જાય છે, તેથી

---

×બ્લેક ટાઇપ આ લેખક તરફથી મૂકાયા છે, જેનો ખુલાસો આની સમીક્ષામાં થશે,

તે વીતરાગની ભક્તિ કરે છે, ××× શુભરાગવડે વીતરાગદેવની ભક્તિ કરવી તે તો **ભેદભક્તિ** છે, તે **મોક્ષનું સાધન નથી.** [અંક: ૪૦: પાનું ૬૩]

(૧૦) સાક્ષાત્ **તીર્થંકરના લક્ષે** જે ભાવ થાય તે **ભાવ પણ દુઃખનું** કારણ છે. પુણ્યનો રાગ તે પણ **પરલક્ષે જ થતો** હોવાથી દુઃખ અને સંસારનું **જ** કારણ છે. માટે પરાધીન-દુઃખ રૂપ હોવાથી **નિમિત્ત દૃષ્ટિ** છોડવા જેવી છે. અને સ્વાધીન સુખરૂપ હોવાથી ઉપાદાન **સ્વભાવદૃષ્ટિજ** અંગીકાર કરવા જેવી છે. [અંક: ૪૦: પાનું. ૭૧]

(૧૧) જે કારણે તીર્થંકર ગોત્ર પ્રકૃતિ બંધાણી તે કારણને ટાળ્યા વગર તે **પ્રકૃતિ ફળ પણ આપતી** નથી. જે તીર્થંકર પ્રકૃતિ બંધાણી તે તો ઘણો વખત **સુધી ફળ પણ આપતી** નથી. કયાં સુધી તે ફળ નથી આપતી? કે જે રાગભાવે તીર્થંકર ગોત્ર બાંધ્યું તેથી વિરૂદ્ધભાવ વડે તે રાગભાવનો સર્વથા ક્ષય કરી **કેવળજ્ઞાન પ્રગટ કરે ત્યારે** તે પ્રકૃતિનું ફળ આવે અને તે ફળ તો આત્મામાં **તો** ન આવે, પરંતુ બહારમાં સમવસરણાદિની રચના થાય. [અંક: ૪૦ પાનું. ૭૧]

(૧૨) ત્રિકાળી સ્વતંત્ર સ્વભાવી હોવા છતાં અનાદિથી આ આત્મા કેમ સંસારમાં રખડી રહ્યો છે? અનાદિથી પોતાની ભૂલને જીવે ઓળખી નથી. **બંધ-મુક્ત** પોતે **પોતાના ભાવે જ થાય છે.** છતાં **પરના કારણે** પોતાને બંધન-મુક્તિ તે માને છે. અનાદિનું મહાઉંધું શલ્ય રહી ગયું છે, કે પુણ્યથી અને **નિમિત્તોથી** લાભ થાય! [અંક: ૪૦ પાનું.૭૨]

(૧૩) શુદ્ધાત્માના શ્રદ્ધા-જ્ઞાન કર્યા પછી જેમ જેમ જીવ શુદ્ધતા વધારે છે તેમ તેમ રાગ ટળતો જાય છે. અને રાગ ટળતાં તે ભુમિકાને યોગ્ય બાહ્યત્યાગ સહજપણે હોય છે. અમુક ભૂમિકાએ અમુક વસ્તુ ખપે અને અમુક ન ખપે-એ તો સહજ માર્ગ છે **જ્ઞાનીને તે બાહ્યનો હઠાગ્રહ નથી.** જે જીવ **બાહ્યત્યાગ ઉપરથી કે વ્રત પડિમા ઉપરથી જ** આત્માની શુદ્ધતાનું માપ કાઢે છે પણ અંતરંગ શ્રદ્ધા-જ્ઞાનને જાણતો નથી, તે બહિરદૃષ્ટિ અથવા સંયોગદૃષ્ટિ છે. હજી પોતાનો શુદ્ધ આત્મસ્વભાવ કેવો છે તેની ઓળખાણ નથી. અને ચોથી ભૂમિકાના સમ્યગ્દર્શનનું પણ ભાન નથી, ત્યાર પહેલાં તો **પાંચમી અને છઠ્ઠી ભૂમિકાને યોગ્ય બહારની પડિમા** અને **ત્યાગ વગેરે** કરવા માંડે છે, પરંતુ સમ્યગ્દર્શન વગરના તે જીવો સાચા ત્યાગી કે સાચા વ્રતી નથી—એમ શ્રી કુંદકુંદ ભગવાનનો પોકાર છે.

[અંક: ૪૦: પાનું ૭૯: પેરા ૮૫]

(૧૪) જેમ મોટા સમૂહમાંથી એક હંસ જુદો પડી જાય અને અજાણ્યા દેશમાં આવી પડે, તેમ અત્યારે આ ભરતમાં કોઈ વિરલ ધર્માત્મા હોય છે. ××× પંચમકાળમાં જે જીવો કુમાર્ગમાં નથી પડ્યા અને પોતાના સમ્યક્ત્વને સ્વપ્ને પણ જેણે મલિન નથી કર્યું, એવા ધર્માત્મા જીવોને **વર્તમાન ત્યાગ, પડિમા ન હોય છતાં પણ તે એક બે ભવમાં** મુક્તિ પામશે.

[આત્મધર્મ: અંક: ૪૦ પાનુ: ૭૯: પેરા ૮૬]

ઉપરોક્ત અવતરણો 'આત્મધર્મ' માસિકના તે તે અંકોમાંથી અક્ષરશઃ વિસ્તારપૂર્વક ઉધ્ધૃત કરીને અહિં ઇરાદાપૂર્વક રજૂ કર્યાં છે. આ અને આના કરતાંયે વધુ વિસંવાદી, તેમજ વ્યવહાર નિરપેક્ષ કેવળ નિશ્ચયનય—નયાભાસનું જ પ્રતિપાદન કરનારાં વિધાનો, તદુપરાંત; સ્વોત્કર્ષ અને પરાપકર્ષનોજ ધ્વનિ ગૂંજતો રહે તેવા પણ લખાણો, શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનોમાંથી અને આત્મધર્મના પાને—પાને તેમજ પેરે પેરે મલી આવે છે. જેમાં; ભોળા, અંધશ્રદ્ધાળુ અને ઉંડી સમજણ વિનાના આત્માઓને કેવળ શબ્દોની છળતાપૂર્વક ભાષા—વાક્યરચનાની આંટીઘૂંટીમાં તેઓ એક કુશલ ખેલાડીની જેમ રમાડે છે. દિગંબર સમાજના વિદ્વાન પંડિતો કેમ જાણે શા કારણે આવા અસંગત વિધાનો, પ્રતિપાદનો અને પ્રવચનોના કરનારા કાનજીસ્વામીની શેતરંજનો શિકાર બની ગયા? ફક્ત એકજ મહત્ત્વનું કારણ, કે જે ઉપર જણાવી ગયા તે હોવું સંભાવ્ય છે; કે, 'આ બ્હાને દિગંબરધર્મ સંપ્રદાયનો પ્રચાર થતો હોય તો ઠીક,'—આ એક મતપ્રચારની ઘેલછાથી દોરવાઇ આ વિદ્વાનોએ, પોતાના ધર્મસિદ્ધાન્તોને પણ અભરાઇ પર મૂકી, કાનજી-

સ્વામીના મિથ્યામાર્ગને ઉત્તેજન આપવાનું પાપકર્મ જાણે-અજાણે આમ આચરી નાંખ્યું છે. પણ કુંદ-કુંદાચાર્યના નામે કાનજીસ્વામી પોતાના ઘરનું જ આ બધું બોલી રહ્યા છે. તે આ વિદ્વાન પંડિતોના ખ્યાલમાં નહિ હોય ?

ઉપરોક્ત ૧૪ પેરા જે અહિં ઉધ્ધૃત કર્યા છે, તે એક એક પેરો, જૈનશાસનના સનાતન સત્ય-માર્ગથી વિપરીતપણે મિથ્યાત્ત્વની પ્રરૂપણા કરનારો છે. આ હકીકત જૈનદર્શનની વ્યવહાર પ્રધાન અને-કાન્તશૈલીના મર્મને જાણનારા અવશ્ય સ્હમજી શકશે. પણ અન્ય આત્માઓ આમાં રહેલા મિથ્યાત્ત્વને ન પારખી શકે એ બનવાજોગ છે. મશાલાવાળા સુગંધી સ્વાદુ દૂધના ભરેલા કટોરામાં એકાદ સોમલનો કણીયો જેમ દૂધમાં રહેલા બધાં ઉમદાતત્ત્વોને-અમૃતને ઝેર બનાવે છે, તેમ કાનજીસ્વામીનાં આ બધાં લખાણો, પ્રવચનો; ખરેખર સોમલ જેવાં હલાહલ મિથ્યાત્ત્વથી મિશ્રિત દૂધના કટોરા જેવાં છે, માટે એ દૂધનો મશાલો, એની મીઠાશ, એનો આડંબર કે સ્વાદ આ સઘળું; સ્વ-પર બન્નેના ભાવપ્રાણોનો નાશ કરનારૂં અને સંસારની અનંત રખડપટ્ટીને વધારનારૂં છે.

દિગંબર સમાજના આ બધા પંડિતોને તેમજ સરહુકમીચંદ જેવા આગેવાન ગૃહસ્થોને આ અવસરે આપણે ભારપૂર્વક જણાવીશું કે, જેમ 'બીલાડી દૂધ જુએ છે, પણ ડાંગ જોઇ શકતી નથી'-તે પ્રકારની કેવળ વર્તમાનને જોનારી સ્વાર્થવૃત્તિથી પ્રેરાઇ તમો તમારા ધર્મસંપ્રદાયના મૂળમાં ઘા કરનારૂં આ કાર્ય કરી રહ્યા છો. કારણ કે, કાનજીસ્વામીનો આ બધો પ્રચાર દિગંબર સંપ્રદાય કે શ્વેતાંબર સંપ્રદાય આ બન્નેથી તદ્દન નિરપેક્ષ, સ્વતંત્ર તેમજ જૈન-શાસ્ત્રોની શૈલીથી વિરૂદ્ધ છે.-આ હકીક્ત તમને દીર્ઘદ્રષ્ટિપૂર્વક વિચારતાં જરૂર સ્હમજાશે. !

હકીકત એ છે કે, કાનજીસ્વામીની વાક્ચતુરાઈમાં અટવાઇ જનારા ઘણા લોકોને એમની વાણીમાં રહેલા હલાહલ-મિથ્યાત્ત્વને ઓળખી શકવાનું સામર્થ્ય નથી હોતું, આથી તે બિચારા મૂંઝાઇને પતંગીયાની જેમ આશ્રમના પ્રચારની અગ્નિશિખામાં હોમાઈ જાય છે. આ સ્થિતિ આ બધા દિગંબર પંડિતોની થઇ છે, એમ માનવાને આપણે વ્યાજબી છીએ! કાનજી-સ્વામીનાં ઉપરોક્ત લખાણો-પ્રવચનો કે જે 'આત્મધર્મ' માંથી એઓના શબ્દોમાં અહિં રજુ કર્યાં છે, તેમાં કયાં કયાં તેઓ મિથ્યાત્ત્વનું ઝેર કુશળતાપૂર્વક પીરસી રહ્યા છે? અને તેઓના આ બધા વિચારો કઇ કઇ રીતે જૈનશાસનની ત્રિકાલાબાધ્ય શાસ્ત્રીય શૈલીનો અપલાપ કરનારા છે? તેની વિસ્તૃત વિચારણા આગામી લેખાંકોમાં રજૂ થશે !

## રોગોનો ઉપાય દવા નથી પણ હાથની ઘંટી છે.

**રોગનું મૂળ કબજિયાત, કબજિયાતનું મૂળ અયોગ્ય આહારવિહાર; મિલની ઘંટીના પત્થરોની રજકણો તમારા આંતરડાની પાયમાલી કરે છે. એ લોટમાં રહેલી પત્થરોની રજકણો તમારી તંદુરસ્તી અને જીવનને ધીમે ધીમે ખોતરી ખાય છે. રોગોનો ઉપાય દવા નથી પણ હાથની ઘંટી છે. હાથની ઘંટી દળનારને કદી કબજિયાત કે અપચો થતો નથી. મારી પાસે આવનાર દર્દીને હું હંમેશા ઘંટી દળવાની સલાહ આપું છું. હાથની ઘંટી એટલે દુનિયાની સર્વોત્તમ ઉત્પાદક કસરત. ઘંટી દળનારના પેટના, ખભાના સ્નાયુ મજબૂત થાય છે. યકૃત, બરોળ અને છાતીની અનેક ફરીયાદો દૂર થાય છે. આર્થિક બચાવની તો હું વાતો જ નથી કરતો. [ડૉકટરનું કહેવું ફેશનેબલ માણસોને ગમશે?]**

[ ચેતનમાંથી ] **ડો. હરકીશનદાસ ડી. ગાંધી**

# મહાસાગરનાં મોતી

પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે સં. ૨૦૦૨ ના ફાગણ–ચઇતર મહીનામાં જે વ્યાખ્યાનો પાલીતાણા ખાતે આપ્યાં હતાં તેમાંથી સુવાકયો રૂપે શ્રી કપુરચંદ આર. વારિયાએ જે નોંધ લીધી હતી તે અત્રે રજુ થાય છે. સં૦

બાળકપણામાં અણસમજપણે પણ કરાતી આરાધના, આરાધકભાવને લાવનારી થાય છે.

જે ઉપદેશક જ્ઞાન–દર્શન–ચારિત્રમાંથી એકનો ઉપદેશ આપતાં, બીજા બેની જરૂર નથી એમ કહે, તે પાપોપદેશક જાણવો.

રત્નત્રયી જેનામાં હોય તે જંગમતીર્થ, રત્નત્રયી જેનાથી મળે તે સ્થાવરતીર્થ. રત્નત્રયીનો અર્થી હોઇને, સેવા કરે તે સેવક.

જે વસ્તુનું અર્થીપણું હોય તે વસ્તુ ઘણા પાસે ન હોય એ બને, પણ જ્યારે જ્યારે યાદ આવે ત્યારે ત્યારે મનમાં પસ્તાવો થાય.

રાગ એવો ન હોવો જોઇએ કે જે, સત્ય સમજવામાં આડો આવે.

સાંસારિક ઇષ્ટ વસ્તુઓ પ્રત્યેનો તીવ્ર રાગ અને અનિષ્ટ વસ્તુઓ પ્રત્યેના તીવ્રદ્વેષરૂપી ગ્રંથી ( ગાંઠ ) ને ભેદ્યા પછી સમકિતની પ્રાપ્તિ થાય છે.

જયાંસુધી સાગર કોડાકોડી હીણુ કર્મની સ્થિતિ ન થાય, ત્યાંસુધી ધર્મની પ્રાપ્તિ ન થાય.

દેખીતા સત્યને સમજવા નહિ દેનાર રાગ અને દ્વેષ છે. સત્ય સમજવા માટે મધ્યસ્થ બનવું જોઇએ.

જેને સાધ્યની કિંમત હોય તેને સાધનની કિંમત ઘણી હોય, તેમ જેને મુક્તિમાં જવું હોય તેને ક્રિયાની જરૂર ઘણી હોય.

મુક્તિરૂપી સાધ્યનું સાધન રત્નત્રયી છે, રત્નત્રયીનું સાધન ક્રિયાઓ છે. રત્નત્રયીના સાધ્ય વિના કરાતી ક્રિયાઓ દંભ છે. જેને જ્ઞાન સાધ્ય ન હોય તેને પુસ્તકની કિંમત શી હોય ? પુસ્તકની કિંમત તેનેજ હોય કે જેને જ્ઞાન સાધ્ય હોય.

સાધનો બે પ્રકારનાં છે, સજાતીય અને વિજાતીય. સજાતીય સાધનોનો ઉપદેશ અપાય, વિજાતીયનો નહિં. જેમ ચંડકોશીયો ભગવાનને દંશ કરવા જતાં સમકિત પામ્યો; પણ સમકિત પામવા માટે ભગવાનને બચકાં ન ભરાય !

મુસાફરીમાં જનાર પોતાની દરેક સામગ્રી સાથે રાખે છે, તેવી રીતે જિનમંદિરમાં જનારે પૂજાની દરેક સામગ્રી સાથે રાખવી જોઇએ.

તાડ ઉંચો હોવા છતાં માણુસો તેને વખાણુતા નથી પણ વડનાં વખાણ કરે છે, કારણુકે, તે અનેકને આશ્રય આપે છે, તેવી રીતે મોટા માણુસો પોતાની સાથે અનેકને આશ્રય આપે.

ધનવાન યાત્રા કરવા જાય ત્યારે શક્તિ પ્રમાણે માણુસોને સાથે લઈ જાય અને તેઓને સાચવવાની ફરજ પણ લઇ જનારની છે.

પાપના યોગે શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિની જેમ, ખરાબ માર્ગે ચઢી જતાં વેશ તેને સન્માર્ગે લાવી મુકે છે. માટે વેશ સદુપયોગ કરવા માગનારને ઉપકારી છે.

અવિરતિના ઉદય વખતે પુણ્યોદયના ઉદયે કરીને દુ:ખનું કોઈ કારણુ નહિં હોવા

# સુવાક્યોની રચના

પૂ. પંન્યાસશ્રી પ્રવિણવિજયજી મહારાજ

Anger is a bitter enemy of thesoul.

ક્રોધ, આત્માનો કટ્ટર શત્રુ છે.

Be gentle, humble and honest.

વિનયી, નમ્ર અને પ્રમાણિક બનો !

Care more for virtues than for money.

ધન કરતાં સદ્‌ગુણ પ્રાપ્ત કરવા વધુ કાળજી રાખો.

Do not postpone till to-morrow what you can do to-day, because delay is dangerous.

જે કાર્ય તમો આજ કરી શકતા હો, તેને કાલ ઉપર છોડશો નહિ, કારણકે ઢીલ હાનિકર્તા છે.

Every man is mortal.

દરેક માણસ મરણાધીન છે. [તેનાથી મુક્ત થવા માટે ધર્મને આધીન થવાની જરૂર છે.]

Fear of God is the beginning of wisdom.

પ્રભુથી ડરવું એજ ડહાપણની શરૂઆત છે.

Generous men can only make the good use of their wealth.

ઉદાર માણસોજ પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરી શકે છે.

Honesty is the best policy for all.

સર્વ માટે પ્રમાણીકપણું એ સૌથી સરસ યુક્તિ છે.

I shall never speak ill of anybody

હું કોઇનું બુરૂં બોલીશ નહિ.

---

છતાં, અવિરતિ સંબંધી દુઃખનો અનુભવ થાય તે વિરાગ.

અવિરતિના ઉદયને પુણ્યોદયનો કાળ મહોત્સવરૂપ છે. તેનું દુઃખ સમ્યક્ત્વી આત્માને ઘણું થાય.

અવિરતિના ઉદયે, વિરતિના પરિણામ હોવા છતાં પણ વિરતિ ન લઇ શકાય તેમ બને છે.

શ્રદ્ધાળુ શ્રાવકના હૃદયમાં જ્યારે જ્યારે સાંસારિક સુખોની ઇચ્છા થાય ત્યારે તેને થવું જોઇએ કે, 'પાપનો ઉદય થયો' અવિરતિ નામના પાપના ઉદયે સાંસારિક સુખોની ઇચ્છા થાય છે.

છોડવા લાયક ચીજ મળ્યાનો આનંદ અવિરતિના યોગે જ થાય, અને તે કરવા લાયક માને તો તે મિથ્યાત્વનો ઉદય સમજવો.

શ્રાવક ઘરે જાય, પેઢીએ જાય તો પણ તેને થાય કે, 'હું અવિરતિમાં બેઠો છું'. ઘર, પેઢી વિગેરે પરિગ્રહ છે અને પરિગ્રહ તે અવ્રત છે, ઘર–બાર, સ્ત્રી, પુત્ર વિગેરે અવ્રતની નિશાની છે. જ્યારે જ્યારે તેને જુએ ત્યારે થાય કે, 'હું અવ્રતમાં બેઠો છું' અવ્રતની ઇચ્છા, પાપના ઉદયના યોગે છે.

આગમ વિગેરે ગ્રંથો, ગીતાર્થ અને ગીતાર્થ–નિશ્રીતો માટે લખાયા છે. બીજા માટે નહિં. જેવી રીતે ચોપડા વિશ્વાસુને દેખાડાય છે, અવિશ્વાસુને નહિં. મુનીમ પણ વિશ્વાસુ રખાય છે. વિશ્વાસઘાતી મુનીમ હોય તો શેઠને નુકસાન પહોંચાડે છે, તેવી રીતે અધિકાર વિનાના માણસો પુસ્તકો ભણે તે નુકસાનકારી છે.

પરિગ્રહને પાપ માનનારો ક્દાચ વેપારી થયો હોય તો પણ ધર્મની આબરૂ વધારે.

મોહ જોરદાર હોય તો ગમે તેટલું સુખ હોય તો પણ રીબાવે છે અને પરભવમાં દુઃખ પમાડે છે.

Jack of all but master of none.

બધામાંજ માથું મારનારો કોઇ વસ્તુમાં પુરો નિષ્ણાત બની શક્તો નથી.

Keep your heart as glossy and white as diamond.

તમારા હૃદયને હીરાના જેવું ચળકતું અને સફેદ રાખો.

Learning is not for earning money only.

ભણતર માત્ર પૈસા કમાવવા માટેજ નથી.

Mind well that human life is the most precious of all.

માનવ જીંદગી, સર્વ જીંદગીઓ કરતાં સૌથી વધુ કીંમતી છે, એ વાતને ખાસ ધ્યાનમાં રાખજો.

No gain without pains.

ચાકરી વિના ભાખરી મળી શકતી નથી.

Obedience alone gives right to commond.

સ્વયં આજ્ઞાધીન રહેનારાને જ અન્ય ઉપર આજ્ઞા કરવાનો હક રહે છે.

Patience and perseverance scatter the clouds of difficulties.

ધીરજ અને ખંતીલાપણું એ મુશીબતના વાદળોને વીખેરી નાંખે છે.

Quiet atmosphere is good for meditation.

ધ્યાન ધરવા માટે શાંત વાતાવરણ સારૂં છે.

Remember teat authority is not to crush others.

યાદ રાખજો કે, સત્તા કોઇને છુંદી નાખવા માટે નથી.

Sin is the root of all pains.

પાપ સઘળા દુઃખોનું મૂળ છે.

Time and tide wait for nobody.

સમય અને ભરતી કોઇની રાહ જોતા નથી ( તેથી જ સમયનો જેટલો સદુપયોગ થાય તેટલો કરી લેવો જરૂરી છે.

Union is strength and division is death.

સંપથી ઉન્નતિ છે અને કુસંપથી નાશ છે.

Virtues and vices both live together in a lay man.

સંસારીઓમાં ગુણો અને અવગુણો બંને ભેળા જ રહે છે.

What is my duty? did you ever think of it?

મારી શી ફરજ છે? તેનો તમે કદી વિચાર કર્યો છે?

X-ray shows the bad parts of the body; while shastra shows bad habits of the soul.

એકસ-રે શરીરના ખરાબ ભાગોને જણાવે છે; જ્યારે શાસ્ત્ર આત્માની કુટેવોને બતાવે છે.

You are safe and sound if you will never forget God.

જો તમે ઈશ્વરને કદી ભૂલશો નહિ તો તમો સહીસલામત અને શાંત છો.

Zeal and efforts are the instruments to succeed in every work.

દરેક કાર્યમાં ફત્તેહમંદ થવા માટે ઉત્સાહ અને પ્રયત્ન એ બે હથિયારો (સાધનો) છે.

**મો તી**

ખુશામત આનંદ આપી શકે છે મહાન બનાવી શકતી નથીઃ
શુભકાર્યો દુઃખ વચ્ચે થઈ શકે છે સુખ તો શોખ સાથે મૈત્રી રાખે છેઃ
જે મોતથી ડરી ડરીને ચાલે છે તે જિંદગીની મોજથી દૂર રહે છેઃ

# ધર્મરક્ષક તલવાર !

શ્રી પ્રભુદાસ બહેચરદાસ પારેખ

કોઈ પણ વિચારક પોતાના વિચારો પદ્ધતિસર જણાવવા હક્કદાર છે એ જાતના વાતા–વરણ વચ્ચે લેખક મહાશય રાષ્ટ્રીય સરકારનું નવું બંધારણ, આર્ય સંસ્કૃતિને કેટલું બંધ બેસતું છે તેની બુદ્ધિપૂર્વક સમીક્ષા કરે છે, સૌ વાચકો બુદ્ધિપૂર્વક વાંચે એવી ભલામણ છે. સં૦

ભારતમાં આજે જે જે ધર્મરક્ષક માનસ ધરાવતા ક્ષત્રિયવૃત્તિના જીવતા-જાગતા માનવો હોય તે સર્વ પ્રતીકોને ધ્યાનમાં લઈને આ વિચારણા કરવાની છે.

**તલવાર**: એટલે ધર્મ સામે અયોગ્ય બળપૂર્વકના હલ્લા રોકવાના જે જે બળ અજમાવવાના સાધનો હોય, તે સર્વ સમજવા જોઇએ. તલવાર તો એક ઉપલક્ષણરૂપ છે. પરંતુ બળ અજમાવવાના જે વખતે જે સાધનો હોઇ શકે, સંભવિ શકે, તે સર્વનો તેમાં સમાવેશ થઇ શકે છે.

તલવારને ધર્મ રક્ષણ તરીકે જાહેર કરવામાં ઉદ્દેશ એ પણ જાહેર થાય છે કે, ધર્મરક્ષણ સિવાય તલવારનો બીજો ઉપયોગ જ નથી. ધર્મના રક્ષણ ખાતર જ તલવારનું અસ્તિત્ત્વ છે.

જ્યારે તલવારના એ વાસ્તવિક ઉપયોગની જરૂર ન પડે, ત્યારે ક્ષત્રિય વીર પણ ધર્મના અદનો સેવક છે, અને ધર્મમાં ઓતપ્રોત જીવન રાખવાથી તે પણ એક જાતનો કુળ–ઋષિ છે.

રાજાએ જીવનભર ધર્મમાંજ નિમગ્ન રહેવાનું છે, તે ખાતરજ રાજ્ય સંસ્થાનું અસ્તિત્વ છે. પરંતુ ધર્મ ઉપર ઘા આવી પડે, ત્યારે તલવારથી રક્ષણ કરવાની ફરજ જેમ રાજાની છે, તેમ ધર્મ ઉપર ઘા આવી પડે, ત્યારે બુદ્ધિ બળથી રક્ષણ કરવાની ફરજ વિદ્વાનો અને પ્રજાના સમગ્રપણે નેતાઓ–ધર્મગુરુઓની છે. સમ્રાટ ચંદ્રગુપ્ત, મહારાજા સંપ્રતિ, મહારાજા સમુદ્રગુપ્ત, વીર વિક્રમાદિત્ય, મહારાણા પ્રતાપ, ધર્મવીર શિવાજી વિગેરેએ ધર્મ ઉપરના વિપ્લવોને તલવારથી ખાળ્યાનો ઈતિહાસ જગજાહેર છે. તેમજ તેમની પાછળ બુદ્ધિશાળી વિદ્વાનો અને સંતોનું પ્રેરકબળ હતું જ.

પરંતુ આજે ધર્મ ઉપરનો ખરો ઘા બૌદ્ધિક છે. પશ્ચિમનું બુદ્ધિબળ, યોજનાશક્તિ, આજે હિંદની બુદ્ધિ અને યોજના શક્તિ ઉપર દિવસે ને દિવસે આક્રમણ કરી રહેલ છે. તેમાંથી ધર્મનો બચાવ દિવસે ને દિવસે અત્યન્ત મુશ્કેલ બનતો જાય છે, તે ખાસ ધ્યાન ખેંચવા જેવી બિના છે.

આજે તો ખૂબી એ છે કે, ધર્મના ઘાતક તત્ત્વો ધર્મના પોષક હોય, અને ધર્મના પોષક તત્ત્વો, ધર્મના ઘાતક હોય, એવો બુદ્ધિભેદ કરનારો ભ્રમ વ્યાપક સ્વરૂપમાં ફેલાઇ રહ્યો છે. ભારત જેવા બુદ્ધિ અને સંસ્કૃતિ પ્રધાન દેશમાં આ જાતનું વિચાર વાતાવરણ ઉભું કરી શકવા માટે પશ્ચિમના નિષ્ણાતોની આ જાતની કાર્ય–કુશળતાથી અજબ થવું પડે છે.

આ ભ્રમ ધીરે ધીરે એટલો મજબુત સ્વરૂપમાં સ્થાન જમાવી શકયો છે, કે જેના મદાર ઉપર ધર્મ વિપ્લવકારી નવા ભ્રમો પાકે પાયે ફેલાય તેવી ઘટનાઓ બની રહી છે. જુના ભ્રમો દૂર કરવાનું તો દૂર રહ્યું, પરંતુ તેના પાયા ઉપર જબરજસ્ત ભ્રમોના નવા મહેલો ચણવાની શરૂઆત થઈ ચુકી છે; તેની પાછળ પશ્ચિમની બુદ્ધિ અને તલવારનું બળ

એટલું બધું ગોઠવાયું છે, કે જેની આગળ આજે ભારતીય બુદ્ધિબળ, અને તલવાર બળ કેમ જાણે મૂર્છિત બની ગયું હોય, બુઠું બની ગયું હોય, મુંઝવણમાં પડી ગયું હોય તેવો ભાસ ચોક્કસ થઇ રહ્યો છે.

અલબત્ત ભારતની સંસ્કૃતિમાં ઉંડે ઉંડે શાંત, સચોટ અને અસાધારણ બળના ખજાનાના ગુપ્ત પ્રવાહો વહે જ છે. આખરે તે જ ખજાનો જગત સમગ્રને તારવા માટે સમર્થ બનનાર છે.

આજના વિજ્ઞાનને અને ધર્મોને–હાડ વૈર છે. આ સત્ય દરેક ભારતવાસીએ સમજવાની જરૂર છે. વાસ્તવિક રીતે વિજ્ઞાન એતો ધર્મનું મહત્ત્વનું અંગ હોઇ શકે છે, અને ભારતમાં તેમજ છે. પરંતુ આજનું વિજ્ઞાન, ધર્મ સાથે શત્રુભાવ રાખી રહ્યું હોવાના અનેક પૂરાવા મળી શકે છે.

આધુનિક વિજ્ઞાનના ઇતિહાસના એક લેખકે લખ્યું છે કે– " હાલના વિજ્ઞાનના વિકાસની આડે કોઇ પણ આવતું હોય, તો તે ધર્મ છે. " આ મતલબના તેના શબ્દો છે.

ધર્મની રચનાત્મકતાએ માનવ પ્રાણીનું અનેક પ્રકારનું હિત કર્યું છે, ધર્મ ખાતર અનેક સંતો, મહંતો, ઋષિ, મુનિઓ, વિદ્વાનો ક્ષત્રિયવીરો અને અન્ય માનવોએ જીંદગીની જીંદગી પાથરી છે અને પ્રાણોને પાથર્યા છે, માનવ ઇતિહાસને સંપૂર્ણ રંગે રંગ્યો છે.

આધુનિક વિજ્ઞાનના પાયા ઉપર પગભર થતી આધુનિક સંસ્કૃતિનો વેગ આગળ વધારવામાં ભારતની પ્રાચીન મહાપ્રજાનો પણ સાથ લેવા–જે નવું બંધારણ નવી દીલ્હીમાં ઘડાઈ રહ્યું છે, તે બંધારણ ભારતમાંથી ધર્મના પાયા હચમચાવવા માટેનો એક મહાન બૌદ્ધિક પ્રયોગ છે. ભારતની સંસ્કૃતિ ધર્મના પાયા ઉપર રચાયેલી છે. આધુનિક નવી સંસ્કૃતિ આધુનિક વિજ્ઞાનના પાયા ઉપર રચાયેલી છે.

નવી દીલ્હીમાં ઘડાયેલા નવા બંધારણનો જે દિવસથી ભારતમાં અમલ, તે દિવસથી ધર્મ સંસ્કૃતિનું ભારતમાંજ અસ્તાચળ તરફ ગમન. આ હિસાબમાં ક્યાંય ભૂલ દેખાય છે ? કોઈ સાચી ભૂલ બતાવશે, તો વિશ્વ ઉપર મહાન ઉપકાર થશે.

મહાસભા. લીગપક્ષ, આદીવાસીપક્ષ, દલિતપક્ષ મજુરપક્ષ, સત્તામદાંધપક્ષ, લોકસેવકપક્ષ, રૂઢિચુસ્તપક્ષ, કોમ્યુનીસ્ટ પક્ષ, ધનમદમસ્ત પક્ષ, વિગેરે વિગેરે પક્ષોની ઉલટી-સુલટી એવી જાળ ગુંથાઇ ગઇ છે કે–આમાં કોની બુદ્ધિ કે કોની તલવાર કારગત થાય તેમ છે ? તે કોઇ સમજાવી શકે તેમ છે? આજના કોમી રમખાણ કરતાં આ બૌદ્ધિક રમખાણ વધારે ભયંકર નથી જણાતું ?

હમણાં જ, ભારતમાં જ **વિજ્ઞાનપરિષદ્** ભરવામાં આવી તેમાં ભારત સિવાયના પણ–યુરોપ, અમેરિકા, રૂશિયા, વિગેરે પ્રદેશોના ચુનંદા વિજ્ઞાન શાસ્ત્રીઓ પ્રતિનિધિ તરીકે પધારેલા હતા. તેના પ્રમુખ મારા સમજવા પ્રમાણે મહાન્ વિજ્ઞાન શાસ્ત્રી ન હોવા છતાં–આધુનિક વિજ્ઞાનના મહાન પક્ષપાતી–જેઓએ પોતાની જીંદગીના શરૂઆતના અભ્યાસ કાળનાં–ઘણા વર્ષો પશ્ચિમમાં વિતાવ્યાં છે, જેની દેશનેતા તરીકેની લોકપ્રિયતા ઘણી જ આગળ વધેલી છે, તે–પંડિત જવાહરલાલ નેહરૂજી હતા. જેઓ આજે વચગાળાની સરકારના ઉપ-પ્રમુખ તરીકેનો ઉંચો હોદ્દો ભોગવે છે, કોંગ્રેસના અને દેશીરાજ્ય પ્રજાની પરિષદ્‌ના ઉચ્ચ હોદ્દા ઉપર પણ આવી ચુકેલા છે અને આખી દુનિયાના

વૈજ્ઞાનિકો જેમને પ્રમુખ તરીકે સ્વીકારીને મોટું માન આપવામાં પોતાનું પણ મોટું માન સમજતા હતા. જેમના પ્રમુખપદના બળથી વૈજ્ઞાનિકો ભારતના દેશીરાજ્યોમાંના પણ વૈજ્ઞાનિક કાચા પદાર્થો મેળવી શકાય તેવો માર્ગ ખુલ્લો કરવાનો ઠરાવ કરાવી શકયા છે અને **ભારતમાં** આધુનિક વિજ્ઞાનને લોકપ્રિય કરવાનો પડકાર પણ કરાવી શકયા છે, તથા આધુનિક વિજ્ઞાનની આ મહાન્ સેવાના બદલામાં હમણાંજ જેમને યુનિવર્સીટી તરફથી "ડો૦ ઓફ સાઇન્સ" નો માનવંતો ખીતાબ જાહેર મેળાવડા સમક્ષ એનાયત કરવામાં આવ્યો છે.

સંભવ છે કે, ૧૯૪૭ ના આ નવા વર્ષમાં કોઈ પણ ભારતીય સરકારી સંસ્થા તરફથી કોઈપણ વ્યક્તિને માટે ખિતાબ મળવામાંનો કદાચ પહેલોજ ખિતાબ હશે.

અને જેઓ બંધારણના ઘડવૈયાઓમાં અગ્રેસર તરીકેનું કેટલુંક સ્થાન ભોગવે છે.

તેઓશ્રીના પ્રમુખપદના ભાષણના ઉદ્ગારો ધર્મ સંસ્કૃતિના રક્ષક વીરોએ ખાસ ધ્યાનમાં લેવા જેવા ગણી શકાય.

"સત્ય અને પરમાત્માનો વિચાર પછી કરીશું આજે તો ગરીબોના અન્ન-વસ્ત્રોનો ઉકેલ જરૂરી છે માટે વિજ્ઞાનના વિકાસની જરૂર છે" આવી મતલબ આપણે તેમના પ્રસિદ્ધ થયેલા ભાષણમાંથી વાંચી શકીએ છીએ.

જો કે-છેલ્લા વર્ષોમાં, તાજા ચાલેલા બંગાળના ભંયકર ભૂખમરાથી ત્યાંના બિચારા માનવોને આધુનિક વિજ્ઞાન બચાવી શકયું નહોતું તે આપણે જાણીએ છીએ. છતાં, શ્રદ્ધા અજબ વસ્તુ છે. તેની સામે તર્ક કે દલીલો નકામાં છે.

આ રીતે આધુનિક વિજ્ઞાનના પાયા ઉપર રચાયેલી સંસ્કૃતિની ભારતમાં પણ વેગવતી પ્રગતિ લાવવા માટે નવું બંધારણ ઘડાઈ રહ્યું છે, તે સીધી રીતે તો ધર્મને હાનિ થાય તેવું કાંઇપણ નહીં કરે, તેની પાકી ખાત્રી છે, એટલું જ નહીં, પરંતુ ધર્મ ઉપર કોઇ સીધા ઘા આવશે, તો તેનો બચાવ કરવા માટે પૂરતું રક્ષણ પણ આપશે, તેમાં પણ સંશય નથી. પરંતુ તે નવા બંધારણના ઉદ્દેશ અને આદર્શમાં આધ્યાત્મિક ધર્મોને બદલે આધુનિક વિજ્ઞાનનેજ ખુબીથી મુખ્ય સ્થાન અપાય, તેવી જે રચના થઈ રહી છે તેજ મહત્ત્વનો મુદ્દો છે.

વિજ્ઞાનના સાધનોનો ઉપયોગ, અને તેના પાયા ઉપર આખી સંસ્કૃતિની રચના ખાતર બંધારણનું ઘડતર એ બન્નેમાં આકાશ અને પાતાળનું અંતર છે.

ધર્મના મૂળમાં થતા આવા વજ્રમય ઘાથી ધર્મ સંસ્કૃતિના પક્ષપાતીઓ કયા બુદ્ધિબળથી કે કઈ ધર્મ રક્ષક તલવારથી ધર્મને બચાવવા ઇચ્છે છે? બચાવી શકે તેમ છે?

આ તબકકે તે જાણવું ઘણું જ જરૂરનું છે.

**— ધર્મો રક્ષિતો રક્ષતિ**

"રાખેલો ધર્મ, ધર્મના રક્ષકનું રક્ષણ કરે છે.,,

---

**પોશાક શા માટે બદલવો ?**

મને સમજાતું નથી કે, આપણે પોશાક બદલવાની એવી શું જરૂર છે ? આપણા પોશાકમાં એવું શું ખરાબ છે, જેથી આપણે ફેશનેબલ બનીએ ? ફેશન શબ્દ જ ખર્ચાળ અને અણગમતો છે. હિંદુ સ્ત્રીનો પોશાક એ તો સાદાઇ, નમ્રતા અને સ્ત્રીપ્રતિભાના નમુના સ્વરૂપ છે એ તજીને પશ્ચિમના ખર્ચાળ અને અર્ધખૂલ્લા પોશાક અપનાવવાની શું જરૂર છે ? આપણો પોશાક પ્રતિભા, નમ્રતા અને સાદાઇને અદ્‌ભુત રીતે સંમીશ્રિત કરે છે. પશ્ચિમની ફેશનમાં હિંદી સાડીઓની અસર પણ ધીમે ધીમે દેખાતી જાય છે. મને તો આપણો પોશાક બદલવાની કશીજ જરૂર નથી દેખાતી.

**સુશીલા શાહ**

# નવી નજરે

**શ્રી સંજય.**

**પટણાની જાહેરસભામાં ભાષણ કરતાં ગાંધીજીએ જણાવ્યું છે કે, 'હાલની કેળવણી પ્રથાએ આપણને મુડદા જેવા બનાવી મૂકયા છે. હિંદની વિદ્યાપીઠો કે કોલેજોની ભવ્ય મહેલાતો; માત્ર ગુલામો, કારકુનો તથા થોડાક બેરીસ્ટરો ને ડોકટરો સિવાય દેશને કાંઇજ આપી શકી નથી. [તા. ૨૪-૪-૪૭ મુંબઇ સમાચાર]**

ગાંધીજીએ આજે કહેલી આ વાત, વ્યાખ્યાન-પીઠ પરથી જૈનસાધુઓ વર્ષોથી કહી રહ્યા છે. પણ ગાંધીઘેલા ગાંધીભક્તો કે જે પોતાની જાતને સમાજ સુધારક તરીકે માની રહ્યા છે—તેઓ અત્યારસુધી જૈનસાધુઓને કેળવણીના વિરોધી ગણી તેઓની સ્હામે વાણીના પ્રહાર કરવામાં માઝા મૂકીને વર્તતા હતા. પણ હવે ગાંધીબાપુ બોલ્યા એટલે 'તેરી બી ચૂપ ઓર મેરી બી ચૂપ' માની આપણા સુધારકભાઈઓ મૌન રહેવામાં જ ડહાપણ માનશે જ ને? વીસમી સદીની અંધશ્રદ્ધા તે આનું નામ જ ને? તદુપરાંત એ ડોકટરોએ કે એ વકીલોએ ભણીને કર્યું શું? એકે પૈસાની ખાતર શરીર ચૂંથવાનું કામ ઉપાડયું, જ્યારે બીજાએ આત્માને પીંખવાનું પરોપકારી (?) કાર્ય લીધું એજને?

**છેલ્લા સમાચાર જણાવે છે કે, 'લંડનમાં પણ ખૂબ જ તંગ વાતાવરણ ફેલાતું ગયું છે, ખાદ્ય ખોરાકીમાં પણ અતિશય કઠીનાઈ ભોગવવી પડે છે. કહે છે કે, લંડનમાં રહેનારને રોટલી ઘી વગરની ખાવી પડે છે, શાકમાં આઠ રૂપીયાની એક કાકડી, ફણસી દશથી પંદર રૂપીયે શેર, એક પીચનો એક રૂપીયો, દશ રૂપીયાનું એક ખડબુચ, એક ભજીયાના ત્રણ આના આટલા બધા મોંઘા ભાવ છતાં મનમાની વસ્તુ મલતી નથી.**

આનંદો! હિંદવાસી ઓ હિંદીઓ! તમે આવી આપત્તિમાં હજી આવ્યા નથી. પણ રખે એ ભૂલતા કે, દાનધર્મની રૂચિ નાશ પામવાના કારણે સામુદાયિક પાપોદયનું આ પરિણામ છે. પેટ અને પટારા ભરવાની પાપ ભાવનાના કારણે આજે હિંદની પવિત્ર આર્યભૂમિ પર પણ ભયંકર કેર વર્તાઇ રહ્યો છે. જીવાડીને જીવવાની માનવતા પરવારી ગઇ, જ્યારે મારીને જીવવાની હિંસકવૃત્તિએ આ પવિત્ર આર્ય-દેશમાં ચેપીરોગની જેમ ફેલાતી ગઈ. આથી આજે હિંદુસ્તાનમાં ભૂખમરો, અનાજ, કાપડ વગેરેની અછત દિન-પરદિન વધુ વધતી જાય છે. જો હજુ હિંદની પ્રજા ઉદાર બની સ્વાર્થાન્ધતા, વિલાસ, અનીતિ આદિ પાપાચારો ત્યજી ધર્મપરાયણ બને તો જરૂર આજના વાતાવરણમાં કાયપલટ આવે. પણ 'વો-દિન કબ કે...'

**બંગાળમાં નારાયણપુરમાં એક મુસલમાન મૌલવીએ, ગાંધીજીને 'ખુદાકા બેટા' ની ઉપમા આપી હોવાનું જાહેર થતાં તેની સ્હામે ઠામ-ઠામ મુસલમાનોમાં વિરોધ જાગ્યો અને મુસ્લીમોએ વર્તમાન પત્રોમાં જાહેર કર્યું છે કે, 'કોઇપણ મુસલમાન કે જેનું ઇમાન, કુરાન પર છે. તે કયારે પણ કોઇને ખુદાનો બેટો કહી શકે નહિ. કારણ; મુસલમાનોનું ઈમાન છે કે, ખુદાતાલા એવી વાતથી પાક છે, ન તો તે કોઇનો બેટો છે કે ન તેના કોઇ પુત્ર છે. અગર કોઈ મૌલવીએ, આવું કહ્યું હોય તો તેણે મુસ્લીમ જગતમાં પ્રીતનો પેદા કરવાનો ગુન્હો કર્યો છે. આવી ઉપમા આપનાર મુસલમાન કહેવાય નહિ.'**

આનું નામ પોતાના ધર્મની વફાદારી! ગાંધીજી કુરાન પઢવાના બ્હાને મુસલમાનોને ભોળવવાનો પ્રયત્ન હજુ પણ ચાલુ રાખે છે, પણ આમાં આ મુત્સદ્દી મહાત્મા (?) ની ધારણા પાર પડતી નથી. અરે, ખુદ મુસલમાનોનો મ્હોટો ભાગ ગાંધીજીને 'ખુદાના બેટા' તરીકે પણ માનવાને આજે ના પાડે છે, જ્યારે આપણા લેભાગુ જૈનો, ગાંધીને આપણા દેવાધિદેવ તીર્થંકર પરમાત્મા ભગવાનશ્રી 'મહાવીર'-

ની સાથે સરખાવવા તૈયાર થઇ ગયા છે, છતાં જૈનસમાજના મહાન જૈનાચાર્યો, આગેવાન શ્રીમંતો કુંભકર્ણની ઘોર નિદ્રામાં હજુ ઘોરે છે. ખરેખર ચુસ્ત જૈનોએ આ તકે જાહેર કરવું જોઇએ કે, 'ગાંધી જેવા માણસને કે જેણે હિંદુસ્તાનમાં સામુદાયિક હિંસાનો પ્રચાર કરવાનો મહાન અધર્મ ફેલાવ્યો છે, તે વ્યક્તિને 'મહાવીરદેવ' તો શું પણ ભગવાન મહાવીરદેવના શાસનમાં રહેનાર તરીકે માનવા એ પણ જૈનસમાજનો દ્રોહ ગણાય છે, અને તેમ કરનાર 'જૈન' કહેવાય નહિ.' — પણ આવું કહેવા માટે આજે જૈનસમાજમાં એવા વફાદાર શિસ્તપાલકોની ખામી છે એનું શું ?

પંઢરપુરના વિઠલ મંદિરમાં હરિજનોના પ્રવેશ માટે મહારાષ્ટ્રના આગેવાન કોંગ્રેસી કાર્યકર સાને ગુરૂજીએ, ઉપવાસનું ત્રાગું કર્યાના સમાચાર બ્હાર આવ્યા હતા; જ્યારે આમ આઠ–દશ દિવસ થઈ ગયા અને મંદિરના સંચાલકો પોતાના ધર્મમાં અડગ રહ્યા એટલે આ બધા કોંગ્રેસી આગેવાનોના મંડળોમાં દોડધામ શરૂ થઇ. સાને મહાશય ઉપવાસોથી થાક્યા. ધારણા પાર ન પડી, એટલે કોંગ્રેસના મોવડીઓની જુગજુની આદત મુજબ છાપાઓમાં એક તરફી બનાવટી પ્રચાર જોરશોરથી ચાલુ કર્યો કે, 'પંઢરપુરના મંદિરો હરિજનો માટે ખુલ્લા થયાં જેથી સાને ગુરૂજીએ પારણું કર્યું', ને સાને મહાશયના ઉપવાસોનો આમ સફલ અંત આવ્યો પણ કોંગ્રેસની મુઠી પર જીવનારા આ છાપવાળાઓના દંભને ખૂલ્લો પાડનારો જાહેર ખૂલાસો આની સામે તે મંદિરના મુખ્ય અધિષ્ઠાતાએ આ રીતે જાહેર કર્યો કે, 'હરિજનોના મંદિરપ્રવેશની સ્હામે વિરોધ કરવા જ્યાંસુધી ૧૭૫ સનાતની સત્યાગ્રહીઓ ઉપવાસ પર છે, ત્યાંસુધી પંઢરપુરનું વિઠ્ઠલમંદિર કદિ ખૂલશે નહિ, અને હજુ ખુલ્લું મુકાયું નથી. સાનેજીના ઉપવાસ નિષ્ફળ નીવડયા છે. સનાતનીઓએ જીત મેળવી છે, [ મુંબઈ સમાચાર તા. ૧૨–૫–૪૭ ].

સત્તાના સિંહાસન પર ચડી, જંગલી બહુમતિના બ્હાને અને કલમના ગોદે; ધર્મવિરોધી કાળા કાયદાઓ ઘડી કાઢવામાં જ પોતાનો વિજય માનનારી કોંગ્રેસી સરકારને આજે પૂછનાર કોણ છે ? મોગલ સમ્રાટોના રાજ્યશાસનમાં કેવળ સત્તાના જોરે હિંદુઓને વટલાવનારા મોગલોને તે કાલના ઇતિહાસકારોએ 'અન્યાયી ને આપખુદી ધર્માન્ધ' કહીને નવાજ્યા. તે રીતે આજના પ્રમાણિક ઇતિહાસકારો આજની કોંગ્રેસ સરકારને 'આપખુદી ને બહુમતિના જોરે લઘુમતિ હિંદુઓ પર પોતાની સત્તા ઠોકી બેસાડનારી સત્તાન્ધ સરકાર તરીકે આવતીકાલના ઇતિહાસમાં કેમ નહિ નવાજશે ? શું હરિજનોને સનાતનીઓ વિરૂદ્ધ ઉશ્કેરવામાં હિંદુસમાજનો ઉદ્ધાર થઇ જશે વારૂં ? હિંદુઓ અને મુસ્લીમોના ઐક્યના નામે લીગ અને તેના સરનશીન ઝીણાને ચઢાવી આજે હિંદભરમાં કોમી આગ ઉભી કરાવવામાં જાણે-અજાણે 'ગાંધીજીની અવળી નીતિ જવાબદાર છે.' એનો કોણ ઇનકાર કરે તેમ છે ? હવે સનાતન ધર્મીઓને છેડીને દરેક રીતે હિંદુસમાજની નિર્બળતાનો લાભ લેનારી આજની કોંગ્રેસ સરકારની સામે માથું ઉંચકવા માટે કોણ તૈયાર છે ? પણ આજ નહિ તો આવતી કાલ એવી પણ આવશે કે, જોહુકમી કરી, છાપાઓના દંભી પ્રચારકો મારફત ફાવી જતી આ કોંગ્રેસ સરકારને પોતાના આવા અધાર્મિક–ધર્મવિરોધી કૃત્યોના પરિણામે એને પોતાનાં સ્થાન પર ટકી રહેવું પણ ભારે પડશે ! પ્રભુ, કોંગ્રેસ સરકાર અને તેના સરમુખત્યાર ગાંધીજીને સદ્બુદ્ધિ આપો.

કોંગ્રેસના સમાજવાદી આગેવાન અચ્યુત પટવર્ધન, મુંબઈની એક જાહેરસભામાં ભાષણ કરતાં જણાવે છે કે, 'જ્યારથી કોંગ્રેસ, સત્તા પર આવી ત્યારથી, સ્વાર્થસાધુઓ, પુંજીપતિઓ અને બીજાઓ કોંગ્રેસમાં ઘુસીને તેનો

ઉપયોગ કરી લેવા લાગ્યા છે. કોંગ્રેસ હકુમતનો ગેરલાભ લેવાઇ રહ્યો છે. આજે હકુમત કોંગ્રેસના હાથમાં આવી છે પણ કોંગ્રેસ કોના હાથમાં જઈ પડી છે ?' [ તા. ૧૫–૫–૪૭ બોમ્બે ક્રોનીકલ ]

આ બધા સમાજવાદી આગેવાનો શું સમજતા હશે ? એ લોકોએ સમજી લેવું ઘટે કે, આજે કોંગ્રેસ જેના હાથમાં ગઈ છે, તે કોંગ્રેસના ફેસીસ્ટ આગેવાનોએ તમને પણ ચોકખો જવાબ આપી દીધો છે કે, 'સમાજવાદી આગેવાનોને માનપત્ર આપવું નહિ, અને એમના જાહેર સત્કારમાં ભાગ લેવો નહિ'. સમજ્યાને ! કોંગ્રેસના ફેસીઝમ માનસનું આ પ્રમાણ, આથી સમજી લ્યો કે, આજે સત્તા પર આવેલી કોંગ્રેસ સરકાર એટલે નાઝીઓની પીતરાઈ સરકાર. એ કોના હાથમાં ગઇ છે ? એનો જવાબ એકજ; હિંદુધર્મ અને સમાજના દ્રોહી તેમજ તકવાદી મનોવૃત્તિ ધરાવનારા સ્વાર્થપરાયણ માનવોના હાથમાં મ્હોટે ભાગે આજે કોંગ્રેસની સત્તાઓ આવી પડી છે, માટે જ આજે રહી–રહીને સમસ્ત હિંદના હિંદુઓ પર ધાર્મિક, સામાજિક, આર્થિક દરેક પ્રકારે ભયંકર જુલ્મો વરસાઇ રહ્યા છે, તે પણ મૂર્ખ ગાડરીયા હિંદુઓના મતદાન મેળવીને ! હિંદુ સમાજે હવે તો સંપ, સંગઠન અને જાગૃતિ કેળવી આત્મસંરક્ષણ માટે કટિબદ્ધ થવાની જરૂર છે. બાકી; 'નબળો માટી બૈરી પર શૂરો' જેવી સ્થિતિનો ભોગ જ્યારે ને ત્યારે હિંદુ સમાજને હજુ વધુને વધુ થવું પડશે. સાવધાન, હિંદુ સમાજ સાવધાન !

એ. પી. અમેરીકાનો એક તાર સંદેશો ખાસ લંડનથી જણાવે છે કે,—

'બ્રીટીશ પરદેશમંત્રી મી. બેવીને આમની સભામાં જણાવ્યું હતું કે, આવતા નવેંબરમાં લંડનમાં મોટા રાજ્યોના પરદેશ મંત્રીઓની કોન્ફરન્સ બોલાવવામાં આવી છે, તે વખતે પૂર્વ અને પશ્ચિમ વચ્ચે સમજુતિ અને સમાધાન નહિ થાય તો પછી દુનિયાનું ભાવિ કેવું બનશે એ વિષે કોઈ આગાહી નહિ કરી શકે.' [ તા. ૧૫–૫–૪૭ ].

બ્રીટનના આ મુત્સદ્દી મંત્રી બેવીનની વાકૃપટુતા અસાધારણ છે. દુનિયાનું ભાવિ કેવું હશે ? એની જેટલી નથી પડી તેટલી આ પરદેશમંત્રીને પોતાના ભાવિની પડી છે, માટે જ રશિયા અને અમેરિકાને પરસ્પર લડાવી મારવાની નવી–નવી રમતો આ બ્રીટીશ મદારીઓ રમી રહ્યા છે. અધૂરામાં પુરૂ 'હિંદ છોડી જવાની ઉદાર ત્યાગવૃત્તિનું પ્રદર્શન કરનારા આ પરોપકારી (?) બ્રીટીશ શાસકો હિંદના અખંડ પ્રદેશને સેંકડો ટુકડાઓદ્વારા વેરવિખેર કરી, હિંદુસ્તાનની કંગાલ, નિર્જીવ તેમજ દબાયેલી રાખવાની ચાલબાજી, આજે ઉઘાડે છોગે તેઓ રમી રહ્યા છે. એ જ હકીકત પૂરવાર કરે છે કે, બ્રીટીશ સરકારને આજના જાગૃત હિંદને ગુલામ તરીકે સાચવી રાખવું પરવડે તેમ નથી અને હિંદુસ્તાનને સર્વતંત્ર સ્વતંત્ર તેમજ અખંડ તથા અવિભાજ્ય રાખી ચાલ્યા જવું પાલવતું નથી. આથી જ ઘડિમાં ઝીણાને અને ઘડિમાં ગાંધીજીને આમ બધા રાજદ્વારી માણસો સાથે અનેક છૂપી મસલતો કરી–કરી પરસ્પર અથડાવી મારવાની ચાલબાજી તેઓ ખેલી રહ્યા છે અને હિંદના આ આપણા રાજકીય આગેવાનો આ બ્રીટીશ જાદુગરોની રમતના પ્યાદા બની તેના નાચ્યા નાચે છે. આમ દીવો લઇને કૂવે પડવાની મૂર્ખાઇનું આ નાટક કયાંસુધી ચાલ્યા કરશે વારૂ ?

ગાંધીજીના અંગત શિષ્ય ગણાતા કિશોરલાલ મશરૂવાળા 'હરિજન બંધુ'માં જણાવે છે કે, 'ખેતીને નુકશાન પહોંચાડનારાં પ્રાણીઓને મારી નાંખ્યા સિવાય ખેતીની સલામતીનો બીજો કોઈ અસરકારક રસ્તો દેખાતો નથી. આમાં વાંદરા એકલાં જ નુકશાન કરે છે એવું નથી ઉંદર, કોળ, સસલાં, હરણાં અને ભૂંડ એ બધાં એજ વર્ગનાં પ્રાણી છે અને તેથી એકે એક વર્ગનો નાશ કરવાને સંગઠિત પગલાં લેવાની માણસને ફરજ પડે છે. માણસે

એમાંથી એક પસંદગી કરવાની રહે છે. કાં તો બીજા પ્રાણીઓની માફક તદ્દન કુદરતી જીવન ગાળવું અથવા સુધરેલા જીવનના પોતાના આદર્શ મુજબ જીવવાને બીજાં હરીફ પ્રાણીઓનો નાશ કરવો.' [ હરિજનબંધુ, તા. ૫-૧-૪૭ પેઈજ ૪૮૦ ].

વાહ ! રાજદ્વારી ક્ષેત્રમાં આગેવાન ગણાતા ગાંધીજી અને ગાંધીના અંગત-શિષ્યોની આ કેવી દલીલો ? કેવી વાક્ચાતુરી ? ભયંકર હિંસક માનવીના મુખમાં ન શોભે તેવા આ શબ્દો, આ ઉપદેશ આજે ગાંધીજી પોતે સ્વયં આપી રહ્યા છે, તેનો પ્રચાર કરી રહ્યા છે, એ ખરેજ હિંદુસ્તાનની આર્યભૂમિ પરનું ઘોર કલંક છે. માનવ જાત જો પોતાના જીવનની ખાતર કે કેવળ ક્ષણભંગુર દેહની ખાતર આવા અનાથ, અશરણ તિર્યંચોનો નાશ કરવાને સજ્જ થશે અને તેને તેમ કરવાનો આ કહેવાતા મહાત્મા (?) ( કે જે, આજે છડેચોક સામુદાયિક હિંસાનું કતલખાનું ચલાવવા માટેનો ઉપદેશ આપી રહ્યા છે એ ) ગાંધીજીના વ્યક્તિત્વને શરમ છે. માનવો મહાન છે શાથી કે, અનેકાનેક મૂક પ્રાણીઓને રક્ષણ આપવાને તેઓ સમર્થ છે. સ્વાર્થના ભોગે પણ જગતના જીવોને આશ્રય આપે છે, જીવનના ભોગે પણ અન્યોને જીવાડનાર એ માનવ છે. એનું નામ માનવતા છે. ખેતી, ધન, ધાન્ય કે કાંઇ પણ ભૌતિક પદાર્થની ખાતર અજ્ઞાન, નિરાધાર જીવોનો નાશ કરવાની વૃત્તિ એ દાનવતા છે, જંગલીપણું છે. કયાં એ આર્યદેશના મહાન રાજા-મહારાજા-ઋષિ-મહાત્માઓ કે સામાન્ય ગૃહસ્થો કે જેઓ પોતાના જીવનના ભોગે, આત્મબલિદાન આપી, અસંખ્ય અશરણ નિર્બળ જીવોને અભયદાન આપી સમસ્ત સંસારમાં અમર બની ગયા. જ્યારે ક્યાં આજના આ કહેવાતા દેશનાયકો 'સબમેં હમેરા લગતા હૈ' ની જેમ નિરાધાર મૂક પશુઓની ક્રૂર કત્લેઆમ ચલાવવાનો ઘાતક ઉપદેશ આપી રહ્યા છે અને પોતાની સત્તાના જોરે એમ કરી રહ્યા છે. શું સુધરેલા જીવનનો આવો આદર્શ હશે કે ? આવા પાપાચરણોને પ્રચારનારા આ રાષ્ટ્રવાદીઓની અનાર્ય પ્રવૃત્તિઓની સ્હામે આજે કોણ બોલી શકે તેમ છે ? સાચે આર્યભૂમિમાં ભારરૂપ આ માનવો માટે આજે કાંઇ બોલનાર કે લખનાર સજ્જનોને, અંધશ્રદ્ધાળુ ગાંધીભક્તો ગાંડા કહીને હસી કાઢે છે. ખરેખર ડાહ્યાઓની દુનીયા-વિદાય થતી જાય છે. એ વાત સાવ સાચી છે. રે ગાંધી ઘેલા ભકતો, હજુ ચેતશો ! ને તમારા ધર્મ, સમાજ અને સંસ્કૃતિનું મૂલ્ય સમજી ગાંધીબાપુનાં વચનોની બરોબર કસોટી કરતાં કયારે શીખશો ?

---


## શ્રીનિત્યસ્વાધ્યાય પ્રકરણસંગ્રહ

જેમાં નવસ્મરણો, ચાર પ્રકરણો, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, મોટી સંગ્રહણી, ક્ષેત્રસમાસ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાનાં સૂત્રો, ઋષીમંડલ સ્તોત્ર, ચઉશરણ, આઉર પચ્ચક્ખાણ, ઈન્દ્રિય પરાજય, વૈરાગ્ય શતકમ્ સિન્દુર પ્રકર, ગૌતમ સ્વામીનો રાસ વગેરેનો સંગ્રહ છે.

પાકું બાઇન્ડીગ, સુંદર કાગળ, સ્વચ્છ છાપકામ, મૂલ્ય ૨-૮-૦ પોસ્ટેજ અલગ

૧ મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ
ડોશીવાડાનીપોળ સામે-અમદાવાદ

૨ સંઘવી મુળજીભાઇ ઝવેરચંદ
જૈન બુકસેલર—પાલીતાણા.


---

કંગાલ તો એ છે કે, જેની પાસે દૌલત હોવા છતાં દિલ કંગાલ છેઃ

◎

નદીનું પાણી માપી શકાય છે-મુંગા માનવી જેવા ઓછું બોલનારાનું ઉંડાણ માપી શકાતું નથીઃ

# હરીયાળી

**સં પ્રકર્ષ૦**

આ પ્રકારની હરીઆળીને વિચારપૂર્વક ઉકેલ કરવાનો હોય છે. આ કોલમમાં ચાર હરીયાળી અમે રજૂ કરી છે. તેનો ઉત્તર શું હોઈ શકે એ બુદ્ધિથી વાચકો વિચારશે અને ખરા ઉત્તરો હરીઆળી નીચે આપ્યા છે. સં૦

૧

એક નારી બહુ પુરૂષ મલીને, નારી એક નીપાઈ,
પાય નવિ દીશે તેહના, મા વિના બેટી જાઇ,
ચતુર નર એ કોણ કહીજે નાર. ૧
ચીર ચુંદડી નવિ ચરણાચોલી, નવિ પહેરે તે સાડી,
છેલ પુરૂષ દેખીને મોહે, એહવી તે રૂપાલી. ૨
ઉત્તમ જાતિ નામ ધરાવે, મન માને તીહાં જાવે,
કંઠે વળગી લાગે વ્હાલી, સાહેબને રીઝાવે. ૩
ઉપાશ્રયે તો કદી ન આવે, દહેરે જાયે હરખી,
નર નારી શું રંગે રમતી, સહુ કોઇના સાથે સરખી. ૪
એક દિવસનું યૌવન તેહનું, પછી ન આવે કામ,
પાંચ અક્ષર સુંદર છે તેના, શોધી લેજો નામ. ૫
**ઉદયરત્ન** વાચક એમ જંપે, સુણજો નર ને નારી,
એ **હરિયાળી**નો અર્થ કરે, તે સજ્જનની બલિહારી. ૬

## ઉત્તર; ફુલની માળા

૨

સુગુણ નર એ કોણ પુરૂષ કહાયો, દેખનસે સુખ પાયો.
સુગુણ નર એ કોણ૦ ૧
નિર્મલ તન બહુ નારી મલીને, પુરૂષ હી એક બનાયો,
માત પિતા બીન બેટો જાયો, સકળ જંતુ સુખ દાયો. ૨
હસ્ત પાય નહિ દેખા ઉનકા, શિર પર કેશ ન આવે,
ખાવે ન પીવે ન નિદ્રા લેવે, તો પણ પુષ્ટ દેખાવે. ૩
ધોતી કબજો કોટ ન પહેરે, ખભે પીછેડી ન દીસે,
મસ્તકે મુકુટ નહિ હૈયે હાર, તોહી રૂપ વિશેષે. ૪
નયન રહિત નિત્ય યતના કરતો, જીવ દયા ગુણ પાલે,
નર નારી શું રંગે રમતો, દુર્ગતિ દોષને ટાળે. ૫
દેવ ગુરૂ ચરણે નિત્ય નમતો, સુમતિ કે મન ભાયો,
કુમતિ કુદારા કો નહિ પ્યારો, યોગી કે પાસ રહાયો. ૬
મન ચાહે ઉનકે સંગ રહે તો, મન બીજે માન ન પાવે,
હરખે ધારે જે કોઇ પ્રાણી, તે સદ્ગતિ ઝટ જાવે. ૭
દોય અક્ષર સુંદર ગુરૂ જેહના, અંતર આત્મ ધરજો,
અઢેંદુ સજ્જન જન પ્યારા, અર્થ લહી આદરજો. ૮

## ઉત્તર; ઓઘો

૩

કહો સખી મુજ એ કોણ નારી, ચતુર ચેતન સહચારી રે,
સદા સોહાગણ મંગળ રૂપે, આદિ ન અંત અપારી રે. ૧
સુર અસુર દેવ-દેવી ચાહે, મન મોહે બ્રહ્મચારી રે,
ઉંચનીચ કુલ ભેદ ન જાણે, સેવે બહુ નર નારી રે. ૨
રૂપ રંગ દીસે નહિ કાંઈ, આત્મ અંતર ચારી રે,
નિર્મલ નર દેખીને મોહે, સહુ કોઇને સુખ કારી રે. ૩
દહેરે જઇ નિત્ય દેવ જુહારે, ઉપાશ્રયે સહી આવે રે,
ગામ નગરપુર ઘર ઘર ફરતી, મન માને તીહાં જાવે રે. ૪
યોગી જંગલ પાસે જાવે, તપસીના મન કોડે રે.
વ્રતધર ગુણધર સુંદર સંગે, પ્રીતિ અધીકી જોડે રે. ૫
નવ નવ નામ ધરાવે તેહી, પણ વીશ ભેદ વિચારો રે.
બાર અને ચઉ બહુજન બોલે, પંચવલી સુખ કારી રે. ૬
તીન અક્ષર સુંદર છે તેહના, એક લઘુ દોય ભારી રે,
તિમરારિતસ અર્થ અનુપમ, બુદ્ધજન કરજો વિચારી રે.

## ઉત્તર; ભાવના

૪

એ કોણ સુંદર પક્ષીણી, ન ચાંચ આવે તેહને રે,
પાંખ વિનાની ઉડતી, પંચ વર્ણ નહિ જેહને રે. ૧
સરોવરમાં જલમાં નીપજે, પણ પાણી નહિ પીવે રે,
ચણ લેવાને કારણે, પરમંદિર નિત્ય જાવે રે. ૨
ફલ ફુલાદિક ગુણધરા, વૃક્ષો જઇને બેસે રે,
પણ ફલ આદિ ન આહ રે, પંજરમાં નવિ પેસે રે. ૩
તેડાવતાં નહિ આવે રે, ઉડાવતા નહિ ઉડે રે,
તરૂણ વૃદ્ધ બાલક ગણી, રમતી સહુની જોડે રે. ૪
સ્વર્ગ મૃત્યુ પાતાલ એ, તીન ભુવનમાં વાસો રે,
યોગી નરવર વ્રતધરા, દેવ દાનવ જસ દાસો રે. ૫
અહોનિશ પર ઘર હીંડતી, મરજાદા નહિ સારી રે,
પતિવ્રતા વ્રત પાળતી, નિજ સ્વામી સુખકારી રે, ૬
સુર અસુર નર નારીને, સેવતાં સુખ આપે રે,
મહાજન સાથે મેળવે, અંતર ડુંગર કાપે. રે. ૭,
અઢી અક્ષર લઘુ તેહના, નામ સદા હિત કારી રે
તિમિરારિ જે અર્થ કરે, તેની બુદ્ધિની બલિહારી રે. ૮

## ઉત્તર; ચક્ષુ

# કથા-વાર્તા

## સાહેબની સ્પેશ્યલ

શ્રી કનૈયાલાલ જ. રાવળ

માણુસ ભૂલ તો કરે છે પણુ ભૂલ સુધારવા માટે ભૂલની કબૂલાત કરતા નથી અને એથી ધમસાણુ વધી પડે છે. પોતાની ભૂલનો વિના સંકોચે એકરાર કરવો એ અવગુણુ નથી. ભૂલની તાત્કાલિક કબૂલાત નહિ કરવાથી કેવું ધમસાણુ ઉભુ થાય છે તેના માટે આ એક ટુંકી વાર્તા ઉપર દૃષ્ટિપાત કરવો જરૂરી છે. સં૦

"સ્ટેશન માસ્ત...ર"

"જી સાહેબ."

"સ્પેશ્યલને કેમ રોકી છે? 'લાઈન કલીયર' કેમ નથી આપતા?"

"સાહેબ, સામેથી 'મિક્સ' આવે છે; હમણાં જ સિંહપૂરથી છૂટશે."

"હજી હવે છૂટશે! તો છૂટયા પહેલાં સ્પેશ્યલને જવા દો; અમારા જરૂરી કામની તમને ખબર પડે છે?"

"પણુ...પણુ મેં 'મિક્સ' ને ક્યારની 'લાઇન કલીયર' આપી દીધી છે; આપની સ્પેશ્યલને તો પછી લાઈન કલીયર આપેલી; પરંતુ સ્પેશ્યલ 'હાઇ-સ્પીડે' 'રન' થતી હોવાથી ધાર્યા સમય કરતાં ઘણી વહેલી અહીં આવી પહોંચી છે."

"વહેલી આવી પહોંચી એ ગુનો નથી; કારણુ સ્પેશ્યલ છે ને!"

"પણુ સાહેબ 'સ્પેશ્યલ 'હાઇસ્પીડે' 'રન' થાય છે, એવો તાર ન મળવાથી મેં તો સામાન્ય 'પેસેન્જર ટ્રેન' ના 'રન' પ્રમાણે 'ટાઇમની' ગણુ-તરી કરીને ક્રોસિંગ અહીં રાખ્યું છે."

"તમે કહો છો કે, સ્પેશ્યલને 'મિક્સ'ની પછી લાઇન કલીયર આપી, તો હજી 'મિક્સ' કેમ નથી છૂટી?"

"સાહેબ, 'મિક્સ' છે તો 'રાઈટ ટાઈમ' પણુ કંઈક બન્યું હશે; નહિતર મોડી ન થાય; હમણાં છૂટશે."

"તો ત્યાં સુધી સ્પેશ્યલ ખોટી થાય એમ? તમને સ્પેશ્યલ શું છે એનું ભાન છે? જાઓ! જલ્દી કરો, જલ્દી કરો!"

× × ×

સંધ્યાકાળના સાતના ટકોરા હમણા જ સ્ટેશનના મોટા ઘડિયાળે સંભળાવ્યા; પુણ્યપ્રકોપ વરસાદના વૈશાખી સૂર્યદેવે ઘડિ પહેલાં જ વિદાય લીધી હતી. તપી ગયેલી વસુન્ધરાએ પોતાના આંગોપાંગોને મોકળા કરી છૂટકારાનો દમ ખેંચ્યો. એટલામાં ધરતીને હૈયે જડાયેલા પોલાદી પાટા ધસમસતી, આગ વેરતી, આગગાડીએ ધરા ધ્રૂજાવી. રંગપૂરના વિશાળ 'સ્ટે-શનયાર્ડ' માં એક તોતિંગ 'સલૂનકાર' જોડેલું લોકો મોટિવ-એંજીન મારમાર કરતું, કાળજાળ ગેંડા સમા છીંકોટા નાખતું, બીજા પાટા ઉપર દાખલ થયું. લોકો ગામડાના નહિ હોવા છતાં કુતૂહલ ખાતર થોડે છેટે તમાશો જોવા ટોળે મળ્યા. રેલ્વેના એક મોટા અધિકારી પોતાના નિવાસસ્થાન હેડક્વાટર્સ પ્રતિ સિધાવતા હતા.

એ અમલદાર મી. રાવ ઊતાવળમાં હતા. તેને ત્વરાથી એક બીજા મોટા અધિકારીને મળવું હતું; મી. રાવ વિમાસણમાં હતા, ત્યાં આ એક અટકાયત આવતા મિજાજની કમાન છટકી. રાત પહેલાં બીજા અમલદારોને મળી મસલત કરી, નિર્ણયનો તાર બીજી રેલ્વે ઉપર કરવો હતો; એમાં એના સ્વમાનનો મોટો પ્રશ્ન સમાયો હતો. ગાડીના વેગની સાથે એના વિચા-રની ગતિ વધતી હતી; ગાડી અટકતાં અટકી ગઇ.

માનવંતા મહેમાન આવતા હોય એવી સત્કારની તૈયારી જો કે પ્રત્યેક ગાડી વખતે સ્ટેશનમાં થાય છે; પણ આ સ્વાગત એથી અદકું હતું છેલ્લી નવી જ ઢબનું એ રાક્ષસી એન્જીન પણ અગ્નિજ્વાળાથી લાલચોળ થઇ ગયું હતું; એના ઉરપ્રદેશની પ્રચંડ ભઠ્ઠીમાંથી નીચે આગના તણખા ખરતા હતા.

ગાડી અટકતાં સલૂનની ફેન્સી બારી ઉઘડી; અંદરનો ભપકો બહાર દેખાય. એ પહેલાં તો મી. રાવે બહાર એક ઉડતી નજર ફેંકી લીધી. એના વિચારગ્રસ્ત ચહેરામાંથી કઠોરતાની છાપ ઉઠતી હતી; વિચાર મથામણમાંથી અચાનક ઝબકી ઉઠેલા મી. રાવે હોઠ પીસ્યા.

અમલદારો ઉઘાડે બારણે અને પગે ચાલીને ફરવા નથી જન્મેલા. જેમ હોદ્દો ઉંચો, તેમ જગતથી એ વધુ દૂર, વધુ અલિપ્ત, અને અણજાણ રહે છે. જગત આખું જ બંધ બારણે અને યાંત્રિક ગાડીઓમાં ફરવાનો સંકલ્પ કરે તો ?

અમલદારનું આગમન ભલે બે ચાર મિનિટનું હોય તો પણ તે એક પ્રકારની સાવધતા Alertness વીજળીવેગી ચપળતા, અને નિર્ભેળ શાંતિનો ફેલાવ કરે છે. કાર્યકરોના હાથમાં તત્પરતા વેરે છે; પગમાં વેગ પૂરે છે; મોં ઉપર ગાંભિર્ય છાંટે છે. સાંધાવાળાઓ અજવાળું હોવા છતાં બત્તીઓ પ્રગટાવવા, કારકૂન વર્ગ કામ ઓછું હોવા છતાં કામની અતિશયતા છે એમ દેખાડવા વધુ પડતી અને કેટલીક વાર નકામી દોડાદોડ કરવા લાગ્યા; સ્ટેશન માસ્તરે તાર ઓફીસ સંભાળી લીધી, અને 'મોર્સકી' ઉપર તાલબદ્ધ સૂરોની જમાવટ આદરી; એ ખટકારામાં ' લેફ્ટ લેફ્ટ ' ની પ્રશ્નપરંપરાના વેણ ફેંકતા હતા, છતાં સામે સ્ટેશનેથી પ્રત્યુત્તર મળતો ન હતો. સાંઢણીની અદાથી ઉભેલા સલૂનમાંથી બુલંદ કંઠ સંભળાયો, અરે સ્ટેશન માસ્તર મી. મહેતા રાવ સાહેબની તહેનાતમાં હાજર થયા. ન્યાયાધિશ સમક્ષ સાક્ષીના પિંજરામાં ઉભા રહેનારનું ઉરસ્પંદન શરીરો જેને હૃદય દૌર્બલ્ય માને છે તે–મી. મહેતાના હૃદય થડકા કરતાં વિશેષ ન હતું, મહેતાના દિલમાં તારની ઝણઝણાટી જેવો કંપ હતો. "જાઓ જલદી કરો." થી કર્તવ્ય અને ત્વરાનું જ્ઞાનામૃત પામેલ મી. મહેતાએ પાછા ઓફીસમાં આવી કાર્યનું પુનરાવર્તન શરૂ કર્યું. સદ્‌ભાગ્યે રંગપૂરમાં મદદનીશ કાર્યકરો–કારકુનો પુરતા પ્રમાણમાં હતા. પણ સ્ટેશન માસ્તર જ હોય એવા સ્ટેશને એક સામટાં તાત્કાલિક કામોનું ધાડિયું જ્યાં ઉતરી પડતું હશે, ત્યાં શી સ્થિતિ થતી હશે ? અને તે છતાંય જો નજીવી ભૂલ થઈ જાય, તો અપરાધીને ગંભીર પરિણામ ભોગવવું પડે છે, એ સામાન્ય બીના નથી, એમ કોણ કહેશે ?

મહેતાના નીચાં ઢળેલાં નયનોમાં અમલદારશાહીના વટહુકમોનું પાલન કરવાની ઉત્કટ ઉત્કંઠા ઘેરાતી હતી. નોકરોએ માલિકનો પડતો બોલ ઝીલી લેવાની આદત અને કૌશલ્ય કેળવવાં પડે છે. મહેતા એક આદર્શ નોકર થવા ચાહતા હતા. પોતે કાયદા કાનૂન પુરઃસર વર્તે છે એ શ્રદ્ધાનું સતત ભાન, તેના ભય મુંઝવણને દિલાસા રૂપ હતું; છતાંય મહેતાએ ડાબે હાથે કાગળિયાં ઉથલાવી જોયાં; ગાડીઓનાં ક્રોસિંગની ગણતરીમાં કંઈ ભુલ તો નથી થઇ ને !

" મા...સ્ત...ર ! " સાહેબના તીવ્ર બની ગયેલા શબ્દ પડછંદાએ ફરીથી ઓફીસ ધ્રૂજાવી. સ્ટેશનના એકેએક વૃક્ષના પાંદડાઓ કંપી ઊઠયા. મહેતાના હૈયામાં તેલ રેડાયું. 'માસ્તર'નું ઉપનામ મેળવનારાઓએ ગભરાવાની ફિકર નથી. સમાજનો આ વર્ગ રોજ–બ–રોજ વધતો જાય છે. 'માલિક'ના અર્થને બદલે ઉલટો જ અર્થ એનાથી હવે સમજવાનો રહે છે ને !

મહેતા પુનઃ રાવસાહેબ પાસે ગયા; અને ત્યાં જ સડક થઈ ગયા; સાહેબના મૌન ચહેરામાંથી મહેતાએ ઘણું વાંચી લીધું. હાથ નીચેના માણસોને કામની આવડત નથી; એમને કામ કરવું નથી; અને અધિકારીઓ કામ માગે છે. માટે અમલદારે હંમેશા સખત હાથે ને કડક ચહેરે જ વર્તવું જોઇએ, એવી એક ધારણા છે.

" પાંચ પાંચ મિનિટથી હું અહીં પડયો છું; સ્પેશ્યલનાં તમે આરિયાં કરી નાખ્યાં; અત્યારે તો કઇ વેળાનો સિંહપૂર પહોંચી ગયો હોત તમને કામ કરતાં આવડે છે ! કોણે તમને સ્ટેશન માસ્તર બનાવ્યું ? "

સાહેબની નજર કાંડાઘડિયાળ ઉપર વારંવાર ચોંટતી હતી.

પણ સાહેબના છેલ્લા પ્રશ્નનો જવાબ આપવાની હામ કોણ ભીડી શકે ? કારણ કે, એ જગ્યા આપનાર એ પોતે જ હોય છે; અને આરામ ખુરશીમાં આરૂઢ થયેલા વર્ગે કોઇ દિવસ જાતે આવું કામ કર્યું હોતું નથી; અને વરષને વચલે દિવસે કર્યું હોય તો તે ભૂલી જાય છે.

" પાંચ મિનિટમાં પહોંચી ગયો હોત, " એ ખ્વાબી ભ્રમ ટાળવા ખાતર, ગતિ અને સમયના પરસ્પર સંબંધની ચોખવટ કરવી મહેતાને ઉચિત લાગી.

" સાહેબ, અહીંથી સિંહપૂર ઓછામાં ઓછું છ માઇલ થાય; એટલે ઓછામાં ઓછી બાર–ચૌદ મિનિટ તો જતાં લાગે જ. "

" શું તમે માસ્તર થયા છો ? કોઇ દિવસ ગાડીઓના 'ટાઇમીંગ્ઝ' કે 'રન, ની ગણતરી કરવાની તસ્દી લીધી છે ? આ ડ્રાઈવર કહે છે કે, પાંચ મિનિટમાં પહોંચાડી દઉં ! "

" સાહેબ, પણ......કોઈ પણ હિસાબે પાંચ મિનિટમાં ત્યાં પહોંચાય જ નહિ. "

' અરે ! પણ એની ડ્રાઈવરને વધુ ખબર પડે કે તમને! ડાઇવર કહે છે કે, માસ્તર રજા આપે, તો પાંચ મિનિટમાં પોગાડું. " સાહેબે બાજુમાં ઉભેલા ડ્રાઇવરની સદ્ધર સાક્ષી આપતાં વિજયનું અટ્ટહાસ્ય છોડયું; એ હાસ્યમાં ભયંકરતાના તણખા હતા. ડાઈવરના હકાર સૂચક શબ્દે, સાહેબ સલૂનમાં અરધા ઉભા થઈ ગયા, અને હાથમાનું છાપું પછાડી ગર્જી ઉઠયા, બસ, બસ. તમે જાણી જોઇને જ મને ખોટી કરવા માગો છો; હું જોઇ લઇશ. "

વાત વધી ગઈ ! સાહેબનો લક્ષ્યવેધ પેટ ઉપર પણ કેમ ન આવે ? એને પેટ ઉપર તરાપ આવે છે ત્યારે સૌ કોઈ મરણિયા થઈ કેડ કસે છે; મોતની સામે પણ બચાવ થઈ શકે એટલો માનવી તે કરે છે. પરંતુ અમલદારની સામે આપ બચાવ કરવા હિંમત કરવી એ વીમો ખેડવા જેવું નથી ?

" પણ સાહેબ ! પાંચ મિનિટમાં છ માઇલ કાપવા, એટલે કેટલા માઇલની 'સ્પીડ' થઈ ? " મહેતાએ હિંમતથી કહ્યું.

સાહેબે ગણતરી કરવા પ્રયત્ન કર્યો; પણ તે નિશાળના વિદ્યાર્થી જેવા નહતા; તેમણે ડાઈવર સામે નજર નોંધી કહ્યું, " ન જાણતા હો, તો પૂછો આ ડાઇવરને. "

મહેતાની નજર ડાઇવરની શાંત મુખમુદ્રા પર પડી. એના મોં ઉપર ગભરાટ, ફડકો કે ફિકરની છાયા સરખી પણ નહતી; એ તો બે પગ પહોળા રાખી ખીસ્સામાં હાથ નાખી મહેરબાન ઉભેલા હતા; તેણે કહ્યું.

" ઇ મને શી ખબર પડે ? હું કંઇ ભણેલો છું ? ભણેલા તમે, હું તો હાંકી જાણું. "

એના જવાબમાં જેટલી લઘુતા હતી એટલી સૂચકતા હતી; એમાં ફરજનું સિપાઇ જેવું ( Soldierly ) ભાન હતું; ને જવાબદારીના જોખમનો ઉલાળીયો હતો.

" જુઓ, સાહેબ, એને 'સ્પીડ'ની મુદ્દલ ખબર નથી. હાંકતા આવડે છે; પણ એના જોખમની જવાબદારી પણ એને નથી. આપની સ્પેશ્યલને કલાકના ૭૨ માઇલની ઝડપે હાંકવાનું જોખમ ઉઠાવવા એ તૈયાર થએલો છે. પરંતુ આપણી 'મીટર ગેજ' ઉપર બહુ બહુ તો ચાલીસ માઇલની ગતિ બસ ગણાય; મારાથી એવી ખોટી પરવાનગી શી રીતે અપાય ? મને મળેલા તારમાં સ્પેશ્યલ સામાન્ય ગાડીની ઝડપે દોડે છે એમ બતાવ્યું છે, અને એ પ્રમાણે યોગ્ય કરવાનો હુકમ છે. એ પ્રમાણે હું વર્ત્યો છું. પણ આપની સ્પેશ્યલ ગોઠવેલા સમય કરતાં દસ મિનિટ 'બીફોર ટાઈમ' ( વહેલી ) આવી છે. આ વોટરિંગ સ્ટેશન છે, એટલે રોકત કમમાં કમ ૫–૭ મિનિટ થાય જ. આ બધી પરિસ્થિતિ અને સમયની ગણતરી કરી–કારવીને મેં ક્રોશીંગ અહીં રાખ્યું છે. આમાં રજ માત્ર દોષ હોય છે. શિક્ષા કરવી આપને હસ્તક છે. પરંતુ સાહેબ, એન્જીન સાથે એકલું સલુન, અને એમાંય આપ જેવા અમ-

લદારનું સલુન, તો પુરતી સલામતીથી હંકારવું જોઇએ, નહિતર અકસ્માત થતાં વાર ન લાગે, છતાંય આપ જો હુકમ કરતા હો, તો હજી હું 'મિકસ'ને રંગપૂર રોકી રાખવાનો હુકમ મોકલાવું."

રૂઆબ અને આવેશના તાંડવનૃત્ય આગળ સમાજની સમતુલા ઉથલી પડે છે. મી. રાવે સાચુંખોટું પારખવાની ગડમથલ કરી જોઈ. તેનું મન ચકડોળે ચડયું હતું. પોતે ઉતાવળ કરી હતી એવું તો સહેજ તેને લાગ્યું. સાહેબના ક્રોધશમન માટે બીજો ઇલાજ હાથ ન લાગતાં ડ્રાઇવરે વિચાર્યું કે, સાહેબ પોતાની ઉપર તુટી પડશે, માટે બચાવ રજુ કર્યો હતો; પણ તેમ કરવા જતાં દોષનો ટોપલો તેને શીરે ઝીંકાયો, એ તેણે જોયો. મ્હેતાએ સાહેબની ઇચ્છા પ્રથમથી જાણી લઇ તે પ્રમાણે વર્ત્યો હોત, તો આખો પ્રસંગ જ ઉપસ્થિત ન થાત. પણ દોષ દેવનો જ ગણાય ને! ભૂલની કબુલાત તાત્કાલિક પતી હોત, તો જગતનું અર્ધું ધમસાણ ઓછું થઈ જાત,

મી. રાવના ચિત્તમાં શાંતિની ભરતીનાં પાણી વહેવાં લાગ્યા. એ જ ઘડિયે 'મીક્સ' છુટયાના ખબર કરતી તારની ઘંટડીના રણકારે સ્ટેશન ઓફીસનું વાતાવરણ પલટી નાખ્યું. ત્રણ વ્યક્તિઓનું ધ્યાન એ તરફ દોરાયું.

તરત મી. મ્હેતાએ ઘડિયાળ તરફ નજર કરી; તેમાં સાત ઉપર દસ મિનિટ થઈ હતી, તેણે ઉંચું જોયું ત્યાં તો ડ્રાઈવર કુદીને એન્જીનમાં બેસી ગયેલો, અને સાહેબે થોડી જ વાર પહેલાં ફેંકેલાં છાપાની પાછળ મોં છુપાવવા મખમલ મશરૂની ગાદીવાળી લાંબી 'સીટ' ઉપર કાયા લંબાવી લીધી.

'મિકસ' આવતાં સુધી સ્પેશ્યલે સ્ટેશનની ખુશનુમા હવા ખાધી, અને ગામલોકને વગર પૈસે નાનું એવું નાટક જોવા મળ્યું.

આરામના સૌજન્યથી—

---


## પુણ્ય ઉપાર્જન કરો!

### સિંધપ્રાંતના ઉમરકોટમાં ૫૦૦ વર્ષની પ્રાચીન પ્રતિમા નીકળી

**ઉમરકોટ [ સિંધ ] શ્રી જૈન સંઘ તરફથી શ્રી રૂપચંદ કપુરચંદ નિવેદન કરે છે કે, ઉમરકોટમાં તા. ૨૦ ઓગષ્ટ ૧૯૪૫ ના દિવસે કુવો ખોદતાં શ્રી સંભવનાથ ભગવાનની ૫૦૦ વર્ષની પ્રાચીન પ્રતિમાજી નીકળ્યાં છે. ઐતિહાસિક તપાસ કરતાં માલુમ પડયું છે કે, જે જગ્યાએથી પ્રતિમાજી નીકળ્યાં છે તે જગ્યાએ પ્રાચીન જૈન મંદિર હોવું જોઇએ.**

ઉમરકોટની એક વખત જાહોજલાલી હતી. જૈનોનાં ૨૫૦–૩૦૦ ઘર હતાં. આજે જૈનોનાં ફક્ત આઠ ઘર અને એક પ્રાચીન જિનાલય છે. જેનો જિર્ણોદ્ધાર કરાવવાની ખાસ જરૂર ઉભી થઇ છે, જિનાલય જિર્ણ હાલતમાં છે. હજારો રૂપીઆનો ખર્ચ છે.

સંઘે એક જિર્ણોદ્ધાર કમીટી નીમી છે. તેની દેખરેખ નીચે જિર્ણોદ્ધારનું કાર્ય શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

**અમારા તરફથી જિર્ણોદ્ધાર કમીટીના મેમ્બર તથા શ્રી દેવન્દ્રસાગરજી આદિ ટીપને માટે બહાર નીકળ્યા છે. તો શ્રીમંત દાનવીર મહાશયો તન, મન અને ધનથી સહાયતા કરી પુણ્ય ઉપાર્જન કરશે. વિશેષ ખુલાસા માટે નીચેના કોઇ પણ સ્થળે પૂછાવો!**

| સહાયતા મોકલવાનું ઠેકાણું– | નિવેદક | સહાયતા મોકલવાની બ્રાંચ ઓફીસ |
|---|---|---|
| **શેઠ ચુનિલાલજી ભેરવદાસજી** | શેઠ રૂપચંદ કપુરચંદ | **શ્રી ચિંતામણલાલ ભણશાલી** |
| ઠે. ભાવરોકા ચોક મુ. **હાલા;** | ઉમરકોટ [ સિંધ ] | મુનીમ; **ચાંદભુવન પાલીતાણા.** |
| જિ, હૈદ્રાબાદ. N. W. Ry | | [ કાઠિઆવાડ ] |

# આપણું જૈન સાહિત્ય

**અંગ્રેજી અનુવાદ નોટ્સ, કોશ સાથેનાં સાત સંપાદનો નીચે પ્રમાણે ટીકા સાથે**

અન્તગડદસાઓ ને અણુત્તરોવવાઇયદસાઓ
[ એમ. સી. મોદી એમ. એ. ] ૩– ૦
સમરાઇચ્ચકહા બે ભાગ પાકું પુંઠું „ ૫– ૦
સમરાઇચ્ચિકહા ભવ ૬ ઠ્ઠો „ ૨– ૮
પંચસૂત્તમ્ [ વી. એમ .શાહ એમ. એ. ] ૧– ૪
બ્રહ્મદત્તચરિયમ્ „ ૧– ૪
નિરયાવલિયાઓ સટીક [ વી. જે. ચોકસી એમ. એ.ને ગોપાણી પી. એચ. ડી ]
પાકું પૂંઠુ ૩–૧૨
વિવાગસુયં સટીક (એમ. સી. મોદીને વી. જે. ચોકસી ) ૩– ૦
સિરિસિરિવાલકહા ૧–૨ (વિ.જે.ચોકસી) ૪– ૦
અનેકાર્થ સાહિત્ય–સંગ્રહ
(સં. ચતુરવિજયજી) ૨– ૦
રાજપ્રશ્નીય સટીક [ દેવનાગરી ટાઇપમાં પત્રાકારે અનુવાદ સહિત ]
( સં. પં. બેચરદાસ ) ૭– ૦
પર્યુષણપર્વનાં વ્યાખ્યાનો મુંબઇ ૧-૨-૩ ૧– ૮
આધ્યાત્મિક વિકાસક્રમ (પં. સુખલાલજી) ૦– ૬
સોળ સતી (ધીરજલાલ ધ. શાહ) ૧– ૮
સાંતુ મહેતા ૧–૨–૩,. (જૈન નવલકથા) ૭– ૮
પ્રાકૃત માર્ગોપદેશિકા ૩– ૮
ધર્મ ને ધર્મનાયક ૦–૧૨
ભરતેશ્વર બાહુબલિવૃત્તિ ૧–૨
ગૂજરાતી ભાષાંતર ૫– ૦
અર્હંન્નીતિ [ દોશી મ. ન. ] ૧–૪–૦

## શ્રી જયભિક્ખુ કૃત

| | |
|---|---|
| રાજા શ્રીપાલ | ૭–૮–૦ |
| મહર્ષિ મેતારજ | ૪–૪–૦ |
| કામવિજેતા સ્થુલીભદ્ર | ૪–૮–૦ |
| મગધરાજ | ૪–૮–૦ |
| ઋષભદેવ | ૪–૮–૦ |

**દર્શન અને ફિલોસોફીનો મહાન**
**—: શાસ્ત્રીય ગ્રંથ :—**

## 'આર્હત્ દર્શન–દીપિકા'

વિવેચક : પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા, M. A.

મૂળ લેખક; ન્યાયવિશારદ, ન્યાયતીર્થ ઉપા૦ શ્રી મંગળવિજયજીના સૂત્રો પર અનેક ગ્રંથો, શાસ્ત્રો અને વાર્તિકોનું દોહન કરીને સુન્દર ગુજરાતી ભાષામાં રજુ થતો વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ ક્રાઉન ૮ પેજી સાઇઝ : ૧૨૫૦ પૃષ્ઠ, પાકું પુંઠું : કીંમત સાત રૂપીયા.

## ભરતેશ્વર બાહુબલિવૃત્તિ

સુન્દર ભાષાંતર ભાગ ૧–૨
સુબોધ ધર્મપ્રાણ પુરૂષોનાં
જીવનો, કીંમત : રૂ૦ પાંચ

## સાન્તુ મહેતા

ભાગ ૧–૨–૩
ગુર્જરેશ્વર જયસિંહદેવની પ્રાણવાન નવલકથા
કિંમત : સાડાસાત રૂ.

## ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય.

ગાંધી રોડ; **અમદાવાદ.**

# શત્રુંજયની ધરતી પર

શ્રી સોમચંદ શાહ

[ લેખાંક ૧ લો ]

સંપાદકના ટેબલપર ધર્મશાળા વગેરેની અનેક જાતની ફરીઆદો આવી પડી હતી તેમજ મને પણ ઘણા વખતથી ઘણું ઘણું લખી નાખવાનું મન થતું હતું પણ સમય, સંજોગ અને સાનુકૂળતાના અભાવે કાગળઉપર કલમ ચલાવી ન હતી. વૈશાખ શુદિ ત્રીજ ઉપરનું દ્રશ્ય જોયા પછી દીલ અને દિમાગને થયું કે, હવે તો હદ થઇ છે માટે કલમને છુટ આપ્યા સિવાય છુટકો નથી. છુટ આપ્યા પછી જે વિચારોનું સ્ફુરણ થયું તે નીચે મુજબ.

મહાત્મ્યના દિવસોમાં મારવાડ, મેવાડ, કચ્છ–કાઠિઆવાડ, ગુજરાત–મહાગુજરાત અને મહારાષ્ટ્ર વગેરે દેશોના અનેક ભાવુક આત્માઓ યાત્રાનિમિત્તે શ્રી શત્રુંજયની ધરતી પર વિશેષ પ્રમાણમાં આવે છે. તેમાંય વૈશાખ શુદિ ત્રીજ ઉપરના વરસીતપના પારણા ઉપર ૧૦ થી ૧૨ હજાર યાત્રાળુઓનો સમુદાય એકઠો થાય છે. શ્રી શત્રુંજયની શિતળ અને પવિત્ર છાયામાં પારણું કરવું અને કરાવવું એ જાતની ભાવનાએ હમણાં–હમણાં ઠીક જોર પકડયું છે.

યાત્રાળુઓ ઘરેથી શત્રુંજય ભણી જવાની તૈયારી કરે છે ત્યારથી તેઓના હ્રદયમાં કોઇ અનેરો આનંદ અને ભાવ ઉર્મીઓ ઉછળતી હોય છે. ગાડીઓની હાડમારી ભોગવી જ્યાં પાલીતાણાના સ્ટેશન પર ઉતરે છે ત્યાં તો 'બોલો, આદીશ્વર ભગવાનકી જય' ના શબ્દોથી વાતાવરણ ગુંજતુ કરી મુકે છે. બીસ્તરા–પોટલાં અને છોકરાં–છૈયાંને ઉપાડી ઝટ ઘોડાગાડી કે બળદગાડીમાં નાંખી ધર્મશાળામાં જગ્યા મેળવવાના તલસાટપૂર્વક પોતાની માનીતી ધર્મશાળા નજીક આવી ઉભા રહે છે.

"મુનીમ સાહેબ જગ્યા છે કે?"

"હવે જગ્યા–બગ્યા કેવી? આખી ધર્મશાળા ભરાઇ ગઇ છે."

"પણ દરવખતે અમે અહીંજ ઉતરીએ છીએ."

"દરવખતે જગ્યા હોય એટલે તમે ઉતરી શકો છો પણ આ વખતે જગ્યા રહી નથી."

"એકાદ રૂમ હશે જુઓને?"

"શું જુએ? ખાલી છે કે નહિ એ અમને ખબર નહિ હોય?"

"એકાદ રૂમ કાઢી આપો તો મહેરબાની!"

"હાથ જોડું છું અત્યારે મહેરબાની કરવાનો સમય નથી."

ઘણું કરગરવા છતાં સાવ નિરાશ બને ત્યારે બીજી ધર્મશાળાએ તપાસ કરવા ઘોડાગાડીવાળાને કહે કે, "અય! ઘોડાગાડીવાળા! હાંક, બીજી ધર્મશાળાએ!"

"બીજી ધર્મશાળાએ ગાડી નહિ આવે."

"પણ અહીં જગ્યા નથી."

"એમાં અમે શું કરીએ? તમે કહ્યું તે ધર્મશાળાએ અમે તો લાવી મુકયા!"

"પણ અમારે આ બધો સામાન કયાં ફેરવવો?"

"તો પછી પૈસા વધારે આપવા પડશે."

"એક આનો વધારે આપીશું."

"એક આનો નહિ પણ આઠ આના વધારે આપવા પડશે. નહિ તો અહીં સામાન ઉતારી નાખો અમારે મોડું થાય છે."

યાત્રાળુ ઘોડાગાડીમાંથી સામાન ત્યાં જ ઉતારી અને બૈરાં–છોકરાંને ઉભા રાખી, ભાઈ ધર્મશાળાની શોધ કરવા ઉપડી જાય. છોકરાં–છૈયાં ટળવળતા હ્રદયે ત્યાંજ બેસી રહે, યાત્રાળુનું હ્રદય તો કંપતું હોય છે કે, મુનીમ હા પાડશે કે ના, જો કોઈ સજ્જન મુનીમ 'રૂમ' ની હા પાડે તો તેનો ઉપકાર માનું. હ્રદયના આ થથરાટ સાથે બીજી ધર્મશાળાએ આવીને મુનીમ સાહેબની ગાદી ઉપર નજર નાખે તો ત્યાં મુનીમ સાહેબ જ ગચ્છંતિ કરી ગયેલા હોય, કોને પૂછવું? ત્યાંથી વળી આગળ વધે અને જો મુનીમ સાહેબ હાજર હોય તો નમ્ર ભાવે ગળગળા શબ્દોમાં પૂછે કે,

"રૂમ આપશો?"

"અત્યાર સુધી રૂમ હોય?"

"હશે જુઓને?"

" હોય તો અમારે શું રાખી મુકવી છે ? "

" રાખી મુકવી ન હોય પણ કોઇ આવનાર માટે રાખી હોય તો અમને આપો ! "

" પછી આવનાર શું કરે ? "

" આવનાર એનું કુટી લેશે ! "

" એમ ન બને અમારા ઉપર વિશ્વાસ રાખ્યો હોય અને એને પાછા જવું પડે તે ઠીક નહિ ! "

" પણ અમે પાછા જઇએ એનું શું ? "

" એનું કંઇ નહિ. "

" પણ હવે અમારૂં કંઇ કરોને. "

" કંઈ થાય તેવું નથી. "

" આવનારાનો કાગળ-બાગળ આવ્યો છે ? "

" કાગળને બદલે આજે જ સવારે ઉઘડતી ઓફીસે તાર આવ્યો છે ! "

" કોણ આવનાર છે ? "

" એટલી બધી તપાસ અને પંચાત કરવાની તમારે શી જરૂર છે ? "

" જરૂર છે ત્યારે જ આ બધું પૂછું છું ને ? "

" એ બધું પૂછવાની તમારે જરૂર નથી. એટલામાં સમજી જાઓ ! "

મુનીમ સાથે ખૂબ રકઝક અને માથાકુટ કર્યા પછી છેવટે કંટાળે એટલે બહારના ઓટલા ઉપર આવીને બેસે. એક તો ગાડીઓની હાડમારીથી ખુબ હેરાન-પરેશાન બન્યો હોય, દૂરથી આવતો હોય એટલે ખાવા-પીવાનું ઠેકાણું પડયું ન હોય, રાત-દિવસના ઉજાગરા હોય કુટુંબ-કબીલા સાથે ભાઇ-બંધ પધાર્યા હોય એટલે ધર્મશાળા વિના ચાલે નહિ. છેવટે ખુબ મુંઝાય અને ભોગવેલી અને ભોગવવી પડતી હાલાકીથી હૃદય ભરાઇ આવે ત્યારે મનમાં ગાંઠ વાળે કે, હવે પછી આવા દિવસોમાં ન આવવું. હૃદયના કોઇ કાચા માણસો જગ્યા નહિ મળવાથી રડીને પોતાનું હૃદય ઠાલવતા હોય છે. એ વખતનું દૃશ્ય સહૃદયી માનવોને ખુબ દુઃખ ઉત્પન્ન કરે તેવું હોય છે.

ઓળખાણ-પીછાણવાળા હોય અને દર વર્ષે એકાદ વખત આવતા હોય અને પાંચ-પચીસની નોટો આપી જતા હોય તેવાઓ તો સ્ટેશનેથી જ માર-માર ઘોડાગાડીએ નિયત ધર્મશાળાએ આવીને ઉભા રહે છે અને પૂછે છે કે,

"કેમ મુનીમજી કાગળ મળ્યો હતો ને ?"

શેઠ-સાહેબને જોતાં જ એ હાથ જોડી બોલે કે, "સાહેબ ! પધારો ! આપના માટે બધી સગવડતા તૈયાર રાખી છે."

"બતાવો જોઇએ, કઈ રૂમ રાખી છે ?"

" આ રૂમ તો અનુકૂળ નહિ આવે. "

" ચાલો ! ત્યારે બીજી બતાવું. " એમ કહી બીજી એક-બે રૂમો બતાવે અને શેઠ પાસ કરે તે રૂમમાં બધો સામાન આવીને પડે. જો કે આ પણ પુણ્યાઇનો પ્રકાર છે.

" મુનીમજી ઇલેકટ્રીક લાઈટ છે ને ? "

" હા, સાહેબ, બધું છે. "

" જાજરૂની સગવડતા ? "

" ના, સાહેબ એ જરા બહાર જવું પડશે. "

" એ મારે એટું બહુ દુઃખ છે. એ સગવડતા રાખતા હોય તો ? "

" એ સગવડતા સાહેબ ભારે પડી જાય છે. લોકો ગંદકી કરી મૂકે છે. "

શેઠને અનુકૂળતા હોય તેટલા દિવસ રહે અને જ્યારે જવાના હોય ત્યારે ઘોડાગાડીમાં બેસાડવા મુનીમ સાહેબ ધર્મશાળા બહાર આવે અને "આવજો, પધારજો"ના વિનય-વિવેકના શબ્દોથી નવાજી શેઠને વિદાયગીરીનું માન આપે.

શેઠ પણ પાંચ-પચીસનું કે વધારે દાન કરતા ગયા હોય છે એટલે તેમનું માન કાયમને માટે ટકી રહે છે અને બીજી વખત જ્યારે આવે ત્યારે ગમે તેવી ગીડદીમાં પણ તેમને સ્થાન મળી જાય છે.

ગરીબ અને મધ્યમ વર્ગના યાત્રાળુઓ માટે જગ્યાની હાડમારી ઓછી નથી તે ઓછી થાય તેના માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, ધર્મશાળાના માલિકો, ધર્મશાળાના મુનીમો અને સેવાભાવિ આ-

ત્માઓ ધ્યાન પર લે એવી હું નમ્ર ભલામણ કરું છું. જો દુર્લક્ષ રાખવામાં આવશે તો તેનું પરિણામ સારૂં તો નહિ આવે. અત્યારથી જ વિચાર કરવાની જરૂર ઉભી થઇ છે.

શ્રીમંતાઈના જોરે સારા ગણાતાં કુટુંબો ધર્મ-શાળામાં પણ બાદશાહી રીતે રહેવા માગે છે. સ્ત્રીઓ માટે, છોકરાંઓ માટે, ભાયડાઓ માટે, રાંધવા માટે, સુવા-બેસવા માટે એમ દરેકને માટે જુદી જુદી રૂમ જોઇએ એટલે એક શ્રીમંતકુટુંબ એકની જરૂરે ત્રણ રૂમ રોકી રાખે છે. પછી બીજાઓનું ગમે તે થાય!

ગીરદીના ટાઇમમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં રૂા. ન ભરનારો યાત્રાળુ પણ મુનીમજીના હાથમાં પાંચ-દશની નોટ સરકાવી રૂમ ખોલાવે છે. પણ જે યાત્રાળુ દશ રૂપીઆમાં યાત્રા કરી ઘેર જવા માગતો હોય તેનું શું ? તેના ભાગ્યમાં કમબખ્તી વિના બીજું શું હોય !

કેટલાક યાત્રાળુઓ તો મુનીમોની કળ જાણતા હોય છે એટલે સ્ટેશન આવે ત્યાં તો નવાં ઇસ્ત્રી-ટાઇટ કપડાં, કોટ, પાટલુન, નેકટાઈ વગેરે પહેરી હાથમાં ઘડીઆળને સોનાનો પટો લગાડી ઘોડા-ગાડીમાં બેસી સારી ગણાતી ધર્મશાળાના બારણે આવીને મુનીમ સાહેબને મળતાં કહે કે, "જે, જે, મુનીમ સાહેબ!" છટ્ટાબંધ શબ્દોમાં કહીને હાથમાં હાથ મીલાવે. "કેમ તબીયત તો બરાબર છે ને?" જાણે ઓળખીતો મેમાન જ ન હોય એવો ડોળ કરે.

મુનીમ સાહેબ મનમાં સમજે કે, કોઇ ઓળ-ખીતો-પાળખીતો હશે એટલે માનભેર કહે કે,

"પધારો ! પધારો ! ! કેમ મોડા આવ્યા ?"

"શું કરીએ ! ગાડીઓની હાડમારી ઓછી છે ? ઘેરથી તો ઘણાએ વહેલા નીકળ્યા પણ વાવા-ઝોડું અને વરસાદ થવાથી લાઇન ધોવાઈ ગઇ એટલે રસ્તામાં જ રહી ગયા."

"ત્યારે તો હાડમારી ઘણી ભોગવવી પડી હશે ?"

"પણ શું થાય ? ભોગવ્યા વિના છુટકો ન્હોતો."

"એલા રામુ ! આ શેઠને ૧૦-૧૧ નંબરની રૂમ ઉઘાડી આપ !"

નોકર આગળ અને શેઠ પાછળ મનમાં હસતા હસતા અને કંઈક બબડતા રૂમને હવાલે કરે.

શેઠ સમજી ગયા કે, મારી બેટી દુનિયા આડં-બરની જ ભૂખી છે.

શેઠને જવાનો ટાઇમ થયો અને સામાન વગેરે ધર્મશાળા બહાર કાઢયું એટલે મુનીમજી ગાદી ઉપ-રથી ઝટ ઉઠી શેઠ પાસે આવ્યા.

"શેઠજી પાંચ-પચીસ નોંધાવતા તો જાઓ !"

પણ શેઠને આપવાની ઇચ્છા હતી નહિ તેમજ શેઠ કંઇ પૈસાદાર હતા નહિ રૂમ મેળવવા માટે જરા ઠઠારો કર્યો હતો એટલે શેઠે કહ્યું કે,

"ખર્ચી ખૂટી ગઇ છે. આવતી વખતે જોઇશ."

"પણ આ માણસોને તો કંઇ આપતા જાઓ ?"

"હાલ તો મારી પાસે આપવા જેવું કાંઇ છે નહિ"

"પણ કંઈ સાવ ખાલી હાથે જવાય ?"

"ન જવાય તો શું થાય કોઇના કંઈ ઉછીના લઇને તો ન અપાય ?"

"રૂપીઓ-બે રૂપીઆ પણ નથી ?"

"એટલા તો છે પણ રસ્તામાં મારે વાપરવા તો જોઇએ ને ?"

"ખરી ગીરદીમાં તમને ઓરડી એકને બદલે બે ખોલી આપી ત્યારે તમે સાવ ખાલી નીકળ્યા."

"ઓરડી એકને બદલે બે, મને નથી આપી પણ મારાં કપડાંને આપી છે." મુનીમજી સમજી ગયા કે, આતો માળો મને પણ છેતરી ગયો.

શેઠ ગાડીમાં બેઠા. મુનીમજી શેઠ સામે રોષે ભરેલી આંખોએ જોઈ રહ્યા અને શેઠ સ્ટેશન ભણી ઉપડી ગયા.

× × × ×

યાત્રાળુના મોટા ભાગમાં યાત્રાની ભાવના ઓછી થતી જાય છે, અને હરવા-ફરવાની, આંબાવાડીએ હવા ખાવાની, મોજ-શોખ માણવાની, ચાહ, પાન, સીગારેટ, નાટક-સીનેમા વગેરે જોવાની બદી વધતી જાય છે.

ગિરિરાજ ઉપર ચાહ-પાણી પીને ચડે તો પણ ઉપર જઇને પાછા દુધ-દહીંનો ઉપયોગ કરે. દુધ-

દહીંની શરૂઆત ઉપર ડોળીવાળાઓએ કરી અને ત્યાર પછી નાનાં છોકરાંઓ પણ ઉપયોગ કરવા લાગ્યાં અને હવે તો છોકરાંના મા અને બાપ પણ ટેસ્ટથી ઉપયોગ કરવા લાગ્યાં છે.

આજથી અમુક વર્ષો પહેલાં ઉપર કંઇ પણ વાપરવું એ આશાતના મનાતી. આજે તેનો સમૂળગો ભય ઉડી ગયો છે. તહેવારોના દિવસોમાં તો ગિરિરાજ ઉપર દુધ, દહીં ઉપરાંત સકરટેટી, તરબૂચ વગેરે પણ વેચાય છે અને યાત્રાળુઓ તેનો ઉપયોગ કરે છે. શેઠ આ. ક. પેઢી આના માટે જાપ્તો નહિ રાખે તો દિવસે-દિવસે કમઠાણુ વધતું જશે અને આશાતનાઓ પણ વધતી જશે.

ધર્મશાળાઓનાં કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનાં વાસણ, ગોદડાં વગેરે વાપરવામાં યાત્રાળુઓ બેદરકાર દેખાય છે. જ્યાં ઉતર્યા હોય છે ત્યાં ગંદકી કરી મૂકે છે. ઘર કરતાં પણ અહીં દરેક બાબતમાં વિશેષ ઉપયોગ અને જયણા રાખવી જોઇએ તેના બદલે ઉલ્ટુ દેખાય છે. અહીં આવી, પૂણ્યભાગી બનવું જોઇએ તેના બદલે કેટલાક યાત્રાળુઓની કાર્યવાહી, પાપના ભાગીદાર બને તે જાતની હોય છે.

બહોળો સમુદાય એકઠો થાય છે ત્યારે કોઇકોઈ વખત હરામખોર માણસો પણ પેશી જાય છે. નહિ બનવા જેવા પ્રસંગો બની જાય છે. યાત્રાળુઓએ સાવચેતીપૂર્વક રહેવું જોઇએ તેના બદલે માલ-મીલકત અને સામાન જેમ-તેમ ફેંકી ગિરિરાજ ઉપર જાય છે. પાછળથી રાહ જોઈ રહેલો તફડંચી ચોર હાથ મારી ગચ્છંતિ કરી જાય છે. મુનીમોની અને સ્ટેટની કાળજીભરી દેખરેખ હોવા છતાં આમ બની જાય છે. એટલે આવતા યાત્રાળુઓએ બધાને પોતાના જેવા ન માનતાં ખૂબ સાવચેતીપૂર્વક રહેવાની જરૂર છે.

યાત્રાળુઓની હાલાકી ઓછી થાય એ માટે હમણાં એક શ્રી જૈન યુવક સંઘ પાલીતાણા ખાતે સ્થપાયું છે. તે યુવકોએ આ વખતે વૈશાખ શુદિ ત્રીજ ઉપર યાત્રાળુઓને સારી રીતે સહકાર અને સેવા આપ્યાં છે. વૈશાખ શુદિ ત્રીજ ઉપર આ વખતે સખ્ત વાવાઝોડું, અને ગાડીઓની અનિયમીતતાને લીધે યાત્રાળુઓ કોઈ વખત દિવસના બાર વાગે તો કોઈ વખત રાતના બાર વાગે સ્ટેશન પર આવતા. વરસાદ ચાલુ હોય, અંધારી રાત હોય અને ધર્મશાળામાં જગ્યા મેળવવાની મુશ્કેલી હોય આ બધી અગવડતાઓથી યાત્રાળુઓ ગભરાયા 'મોં' એ દોડધામ કરી મૂકતા. શ્રી જૈન યુવક સંઘના મેમ્બરો રાતના બાર-એક વાગે પણ હાજર રહી, યાત્રાળુઓની સગવડતા માટે પૂરતી જહેમત લઈ બનતું બધું કર્યું છે. અને યાત્રાળુઓને સગવડતા પુરી પાડી છે. તે બદલ સંઘના મેમ્બરોને અભિનંદન ઘટે છે.

નેક નામદાર ઠાકોર સાહેબે પણ હાલાકી દૂર કરવા કાજે નિશાળોમાં ચાર દિવસની રજા પડાવીને યાત્રાળુઓ માટે નિશાળો ખુલ્લી મૂકાવી દીધી હતી. ધર્મશાળાનાં આલીશાન મકાનો ચાલીશેક હોવા છતાં તહેવારોમાં અગવડતા રહે એ બનવા જોગ છે પણ યાત્રાળુઓ સમજીને બને તેટલી જગ્યાનો ઓછો ઉપયોગ કરે અને મુનીમ સાહેબો પણ લાંચ-રૂશ્વતખોરીમાં ન ખેંચાઈ જાય એટલી નમ્ર ભલામણ કરવી આ તકે આવશ્યક છે.

દરેક ધર્મશાળાના મુનીમ પૈસા લે છે અને જગ્યા હોવા છતાં આપતા નથી. એવું અમારૂં કહેવું નથી. ઘણા સારા અને સમજુ મુનીમો પણ છે. પણ આજે ચોમેરથી ધર્મશાળાઓ માટેની ફરીઆદો વધી રહી છે, આવા સમયે ધર્મશાળાના માલિકોએ અને મુનીમ સાહેબોએ વિચાર કરવો જરૂરી છે. નહિતર પછી એની વઢવાડમાં ત્રીજો જ ફાવી જશે અને ત્યારે મોં વકાસી લમણે હાથ દઈ પસ્તાવો કરવાનો સમય આવશે. આવું ન બને તે માટે પહેલેથી જ પાળ બાંધવી જરૂરી છે.

ઘરનાં મા-બાપ કે વડીલોથી છૂટી અહીં સ્વચ્છંદી જીવન જીવવા કેટલાક યાત્રાળુ આવતા હોય એમ જોવા મળે છે. સ્ટેશન ઉપર ઉતરતાં કોઇ ઓળખીતો મળી જાય અને પૂછે કે, "કોણ કોણ આવ્યા છો ?"

" હું અને મારા મીસીસ."

" કઇ ધર્મશાળામાં ઉતરવાના છો ?"

ઉતરવાનાં હોય ખુશાલ ભુવનમાં તો જણાવે કે, " ખાખરવાળીમાં."

પોતાની સાથે બીજો ન ભળી જાય એના માટે ખુબ સાવચેતી રાખે છે અને પવિત્ર પુણ્યભુમિ ઉપર પણ પોતાની ઇચ્છામાં આવે તેમ જીવન જીવે છે. એશારામ, મોજશોખ અને વિલાસી જીવનનો ઘરવાસો યાત્રામાં સાથે ફેરવે છે. તીર્થની પવિત્ર ભૂમિ પર કરાતાં પાપો વજ્રલેપ સમ બને છે. માટે જ કહ્યું છે કે,

**अन्यक्षेत्रे कृतं पापं, तीर्थक्षेत्रे विनश्यति;**
**तिर्थक्षेत्रे कृतं पापं, वज्रलेपो भविष्यति.**

અન્ય ક્ષેત્રમાં કરેલું પાપ તીર્થક્ષેત્રમાં નાશ પામી શકે છે પણ તીર્થક્ષેત્રમાં કરેલું પાપ વજ્રમય બને છે. માટે યાત્રિક ભાઈ બ્હેનોએ તીર્થની ભૂમિમાં આવીને બહુ સાવધતાપૂર્વક રહેવાની જરૂર છે.


## વિધિસમય દર્પણ

જેમાં નવકારશી આદિ પચ્ચકખાણોનો સમય છે. પૂ. સાધુ-સાધ્વીજી મહારાજોને તો અત્યંત સહાયક છે. બીજા ઘણા ઉપયોગી કોઠાઓ પણ છે.

**કિંમત આઠ આના**

## ધન્ય નારી

મહાસતિ નર્મદાસુંદરીનું સવિસ્તર ચરિત્ર વર્ણન.

**કિંમત આઠ આના**

## જૈન શકુનાવલી

તમારૂં ભવિષ્ય તમારે જાણવું છે ? મનમાં મુંઝાશો નહિં. આ શકુનોની સાચી સલાહ લઇ કામ કરો. તમને સાચો માર્ગ બતાવશે. દરેકે વસાવવા જેવું છે...........................

**કિંમત છ આના**

વ્ય૦ **શા. ઉમેદચંદ રાયચંદ**
**ગારીઆધાર**—[ વાયા દામનગર. ]

## જીંદગીના વિમા માટે એક આદર્શ યોજના.

**સામાન્ય પ્રીમીયમથી કુટુંબના રક્ષણનો પ્રબંધ કરવા માટે ગ્રેશમની "કુટુંબ રક્ષણ પોલીસી" અજોડ છે. વિમા ધણીને અગર તેના કુટુંબીજનોને વિમાની પુરી રકમ માટેની બાંહેધરી આપવા ઉપરાંત, વિમા ધણીનું મુદત દરમીયાન અવસાન થાય તો, તેના કુટુંબીજનોને બાકીની મુદત માટે દર વર્ષે વિમાની રકમના ૧૦ ટકા વર્ષાસન અપાય છે.**

# ગ્રેશમ

## જીંદગીના વીમા ઉતારનારી સોસાયટી લી.

**સ્થપાઇ સને ૧૮૪૮ માં**

હિંદ, બર્મા અને સીલોન માટેની

વડી ઓફીસ—

ગ્રેશમ ઇન્સ્યુરન્સ હાઉસ,
સરફીરોજશાહ મહેતા રોડ—મુંબઇ.

| નરહરિ એમ. ઓઝા | ડી. એસ. સુરતી |
|---|---|
| ઓરગેનાઇઝર | ડીસ્ટ્રીકટ મેનેજર |
| પાલીતાણા. | પો. ઓ. નં. ૬૦ |
| [કાઠીઆવાડ] | ભદ્ર, અમદાવાદ. |

જેણે ગુર્જરરાષ્ટ્રની શ્રેષ્ઠતા પ્રસ્થાપિત કરવા અવિરત પુરુષાર્થ સેવ્યો છે.

## આમ્રભટ્ટ :

શ્રી પન્નાલાલ જ. મસાલીઆ.

પશ્ચિમઘાટની ગિરિમાલા ઝબકીને જાગી રહી હતી. ઉષાનાં તેજ એનાં કાળમિંઢ પત્થરોને ઝગઝગાટ અજવાળી રહ્યાં હતાં. કળસુબાઇના ઉંચા ગિરિશૃંગ પર જિનમંદિરોની શ્વેતધ્વજા ફરકી રહી હતી. 'તીરતૂ તીરતૂ'. સીસમ અને ખેરની વૃક્ષઘટામાં છૂપાઇ બેઠેલાં હૈયડ બોલી રહ્યાં હતાં. ત્યારે થળઘાટનું વિશાળ મેદાન આમ્રભટ્ટના ચુનંદા સેપાહોથી ગાજી રહ્યું હતું.

સંગ્રામની યાદ એ વણિક જવાંમર્દના અફાટ–સાહસને પ્રજ્વલિત રાખી રહી હતી. ગુર્જરદેશનો ધીર લલિત કુક્કુટ ધ્વજ એની અભિનવ શ્રદ્ધાનો અખંડ દીપક હતો. રાજેન્દ્ર કુમારપાળ અને ભગવાન હેમચંદ્રાચાર્યની વિભૂતિમત્તા એના કુલિન અને ધર્મવાસિત જીવનના ચિરંતન આદર્શ હતા. દુશ્મનોને સમરક્ષેત્રમાં જીતી વૈર–વસુલાતની અણબૂઝ વેદના એના મર્દ હૈયાને હંમેશ સતાવી રહેતી. એનું દિવ્ય લલાટ, વિશાળ ભ્રમર મોટાં પાણીદાર નયન અને ક્ષત્રિયનું તેજસ્વી વદન કો પુરુષસિંહની યાદ આપતાં.

એ સમયે પુણ્યભોમ ગુજરાત, યુદ્ધના પ્રલયઉદધિમાં ફેરવાઇ ગયું હતું. ગુર્જરરાષ્ટ્રના મુકુટમણિ કુમારપાળે માલવાના મદોન્મત્ત બલ્લાળ ઉપર ચઢાઇ કરી હતી. દેશની નાજુક પરિસ્થિતિનો લાભ ઉઠાવી નાગોર, કોંકણ, ચેદી અને ચંદ્રાવતીના માંધાતાઓની ભેદી સંતલસો ચાલી રહી હતી સોરઠનો સિંહ પણ ગુજરાતની સર્વોપરિતા ધૂતકારી એનાં રાજસિંહાસન સામે ઘુરાંટા કરી રહ્યો હતો. વળી દુર્ભાગ્યે વિજય અને કૃષ્ણ જેવા તકસાધુ સરદારો પણ દુશ્મનોનાં વાયુમંડળમાં ભળી ગયા હતા ત્યારે યુદ્ધવિશારદ મહા અમાત્ય ઉદાયનના સપુત આમ્રભટે એકલેહાથે કોંકણને પહોંચી વળવા અપૂર્વ જહેમત ઉઠાવેલી. એનેય ફસાવવા દુશ્મનની ઝાલિમ રાજસત્તાઓએ ફાંસલા કરી જોએલા પરંતુ દેશરક્ષાનું 'પણ' સાચવતા એ વતન પરસ્ત જવાંમર્દ પર જર કે જમીન કશાનીજ જબરદસ્તી ચાલે તેમ ન હતી. આમ્રભટ અને એના આઝાદીપ્રિય સરદારો જો આ વિપદ સમયે નાહિંમત બન્યા હોત તો શુચિતા ગુર્જરભૂમિના સર્વનાશની શકયતાઓ દમ–બદમ બઢતીજ રહેત.

[ સીસમ અને ખેરની વૃક્ષઘટા, સેનાપતિ આમ્રભટ, પ્રતાપમલ્લ અને બીજા સરદારો કમ્મરે ચમકતાં ખડ્ગ ઝૂલાવતા ઉભા છે. રણમત્ત સેપાહો યુદ્ધની રાહ જોઈ રહ્યા છે. ]

આમ્રભટ: "શુરા સુભટો ! કોંકણના મદમસ્ત મલ્લિકાર્જુને સારસ્વત ક્ષેત્ર ગુજરાતનું ઘોર અપમાન કર્યું છે. માલવ, સોરઠ અને નાગોરના મદાંધ રાજવીઓનો સાથ મેળવી એ કહેવાતા 'રાજપિતામહે' ગુજરાતને પદાક્રાંત કરવા કેડ બાંધી છે. સંસ્કાર સમૃદ્ધ ગુજરાતને જીતી લેવા અશકયાકાંક્ષાઓ સેવી છે. સૈનિકો ! પણ એમની એ કુટિલ રાજલિપ્સાઓ કેવળ પુરચાજ થવા સર્જાએલી છે."

"રણયોદ્ધાઓ માતૃભૂમિના ગૌરવ કાજે સમરભૂમિપર રુધિરના ધરા સીંચી, યુદ્ધના મંગલ–મહોત્સવને વધાવી લેશો. કોંકણનાં કિલ્લા પર ગુજરાતનો કુક્કુટ ધ્વજ ફરકાવી

પશ્ચિમ ઘાટના મેદાનમા ગુર્જરરાષ્ટ્રનો કીર્તિ સ્થંભ રોપી દેશો એ દુશ્ચેષ્ટિત માંધાતાનું રક્ત નીગળતું મસ્તક ગુજરાતના નાથને ભેટ ધરી, વેર–વસુલાત કરશો. ગુર્જરીના ચીર ઉતારતા રિપુદલને ઘેરી વિદ્યુત્પ્રપાતની જેમ તુટી પડી એને નેસ્તનાબુદ કરશો.

બોલો, ગુર્જરરાષ્ટ્રની જય !

[ પ્રયાણાર્થે રણભંભા વાગી રહી છે. બાણુ–વર્ષાથી આકાશ છવાઈ જાય છે. આમ્રભટ કોંકણની પ્રબળ સેના ઉપર તુટી પડી જમણી પાંખ કાપી નાખે છે, પ્રતાપમલ્લ પણ અડગધૈર્યથી આગળ વધી રહ્યા છે. બંને સૈન્ય વચ્ચે ભિષણ યુદ્ધ ગર્જી રહે છે. આમ્રભટ અને મલ્લિકાર્જુન સામસામે ગોઠવાઇ જાય છે. ]

મલ્લિકાર્જુનઃ " કોણ આમ્રભટ ? "

આમ્રભટઃ [ વ્યંગથી ] " જી, હા, રાજપિતામહ ! "

મલ્લિકાર્જુનઃ [ કટાક્ષ પૂર્વક ] " સેનાપતિ તરિકે તમેજ આવ્યા ? દાસી પુત્ર— "

આમ્રભટઃ " ચુપ કરો મહારાજ ! "

મલ્લિકાર્જુનઃ " વીર સરદાર ! ગુજરાતની આઝાદી તમારા પિતા–પુત્રની રણ કુશલતાને વશ છે, ત્હારૂં જબરદસ્ત સામર્થ્ય— "

આમ્રભટઃ (સાશંક) "શું કહેવા ચાહો છો?"

મલ્લિકાર્જુનઃ " ધારે તો ગુર્જરરાષ્ટ્રનો રાજમુકુટ તારે શિરે ધરાવી શકે ! તારા દેશના રત્નજડિત રાજસિંહાસન પર સહિસલામતીથી બિરાજી શકે ! "

રણક્ષેત્રને ધ્રુજાવતું આમ્રભટનું અટ્ટહાસ્ય સંભળાયુંઃ " રાજન ! મીઠી વાતો મને કદી લલચાવી શકતી નથી. ગુર્જરીની બેઇજ્જત અને દુશ્મનોની કદમબોસી કરતાં રણજંગમાં કપાઈ જવું વધુ સહેલું છે. "

મલ્લિકાર્જુનઃ ( ઝીણી નજરે જોઇ ) "ત્હારૂં યુદ્ધ કૌશલ્ય— "

આમ્રભટઃ ( વચ્ચે ) " આમ્રભટને સમજાવવો એ સહેલું નથી ".

મલ્લિકાર્જુનઃ ( જરા વિચાર કરી ) " જો. આમ્રભટ ! હું તને મદદ કરૂં, તું ચાહે તો–"

આમ્રભટઃ ( મલકાટ ભર્યે ) " હું ચાહું છું કે, આપ ગુજરાતને શરણે જાઓ ! '.

મલ્લિકાર્જુનઃ " નહિ, અહિંસાધર્મી ગુર્જર રાષ્ટ્રની વિશિર્ણ—"

આમ્રભટ : " બસ કરો ".

મલ્લિકાર્જુન : ( છાતી કાઢી ) " અમારી દુર્લંઘ સેના—"

આમ્રભટ : ( વચ્ચે ) ગુજરાતના દુર્ઘંષ્ય સામર્થ્ય આગળ હારી જશે ! "

મલ્લિકાર્જુન : ( ધૂંઆકુંઆ થઈ ) " તો જાણી લો કે, અમારાં યમદંડ સમા ધનુષ–ટંકારથી તમારાં હૃદય તુટી જશે ! ગુર્જર–રાષ્ટ્રના દિગ્વિજયનો પોકળ પરપોટો ઘડીમાં ફૂટી જશે ! "

આમ્રભટ : રાજન ! ગુર્જરધરાના સૈનિકો તમારાં શર સંધાન મોગરાની ફૂલ–પાંદડી માફક ઝીલી લેશે ! પણ પાટણના અપમાનનો બદલો તો ઝેરી નાગણ સમી તલવારથી જ વસુલ કરશે ! હોશિઆર ! "

[ આમ્રભટ સુસવાટ રચતી તલવાર ચલાવે છે. પણ ચાલાક શત્રુ ઘા ઢાલપર ખેંચી લે છે. હૃદયભેદી ચીસોથી સમરાંગણ ગાજી રહે છે. ]

મલ્લિકાર્જુન : ( ક્રોધ વર્ષાવી ) :" અંહ, આમ્રભટ ! કોંકણપતિનો નાશ કરવો સહેલ નથી. (ભાલો લઈ નજીક ધસી) જો ! ઘા આમ થાય !"

[ આમ્રભટ ઉપર જોરથી ભાલાનો ઘા કરે છે. શૌર્ય ઉત્તેજિત આમ્રભટ અશ્વ ફેરવી ઘા ચુકાવી દે છે. મલ્લિકાર્જુનનો હાથ ભોંઠો પડે છે. ]

આમ્રભટ : ( કટાક્ષથી હસી ) " રાજપિતામહે હવે નિવૃત્તિ લેવી જોઇએ અને—"

મલ્લિકાર્જુન : " અને ? "

આમ્રભટ: " આપનું રાજ્ય ગુર્જરાધીશને સોંપી દેવું જોઇએ. "

મલ્લિકાર્જુનઃ (ખીજાઇ) તારી બીજી ચઢાઈ પણ નિરર્થક જશે જો " !

[ તલવારની ધાર ખુંપી દે છે. ]

[ આમ્રભટનો દેહ રાતાં ફુલ જેવા લોહીથી ભીંજાઈ જાય છે. જરાવાર જબરજસ્ત તમ્મરની સાથે એનાં નેત્રો મીંચાઇ ગયાં ]

આમ્રભટઃ ( આંખો ઉઘાડીને ) " ફીકર નહિ ! " મલ્લિકાર્જુનઃ " હં. [ ફરી ભલો ઉંચકે છે ] ગુજરાતીઓની નિર્બળતા છાની નથી " આમ્રભટઃ (ગર્જનાથી)" એ....મ ?" મલ્લિકાર્જુનઃ " બેશક ! "

આમ્રભટઃ ( તલવાર ખેંચી ) " રાજા લે, જો આ અહિંસા પ્રેમીઓનું રણકૌશલ્ય ! હા....હા.... !

[ તેજસ્વી અસિથી મલ્લિકાર્જુનનું મસ્તક ઉડાવી દે છે. રક્તનો પ્રચંડ ફુવારો ઉડી રહે છે. દુશ્મનનું અશરણ સૈન્ય ચુપચાપ શરણે આવે છે. આમ્રભટ કોંકણ સર કરી રાજ્યભંડારમાંથી હીરા, માણેક, મોતી અને સુવર્ણ લુંટી, ગુજરાતનાં સૈન્યમાં વહેંચી આપે છે. મલ્લિકાર્જુનનું મસ્તક સુવર્ણે મઢી ગુર્જરાધીશને અવનવીન ભેટ ધરે છે, પરમાર્હત મહારાજા કુમારપાળદેવ મહોત્સવથી આમ્રભટને પાટણ પ્રવેશ કરાવી એને " **રાજપિતામહ** " ના લાડીલા બિરૂદથી નવાજી–હર્ષથી ભેટે છે. ]

**ગુર્જરરાષ્ટ્રના વિજયની ઝાલર બાજી રહે છે.**


## અમારાં ધાર્મીક પ્રકાશનોઃ

| | | |
|---|---|---|
| સામાયિક સૂત્ર–ભાવાર્થ સાથે | ૧૦૦ ના | ૧૧–૮–૦ |
| દેવસીરાઇ સૂત્ર–ભાવાર્થ સાથે | ૧૦૦ ના | ૩૫–૦–૦ |
| પંચપ્રતિક્રમણ મૂળભાવાર્થ સાથે | ૧૦૦ ના | ૧૨૫–૦–૦ |
| બે પ્રતિક્રમણ સાર્થ કોર્શ સાથે | ૧૦૦ ના | ૧૬૦–૦–૦ |
| પોકેટ પંચ પ્રતિક્રમણ મૂળ | ૧૦૦ ના | ૧૨૫–૦–૦ |
| પૂજા સંગ્રહ ભા. ૧–૯ | ૧૦૦ ના | ૪૦૦–૦–૦ |
| નિત્ય પ્રકરણ સ્વાધ્યાય સંગ્રહ | ૧૦૦ ના | ૩૦૦–૦–૦ |
| સાધુ–સાધ્વી આવશ્યક— ક્રિયાનાં સૂત્રો | ૧૦૦ ના | ૫૦–૦–૦ |
| મહામંગલિક નવસ્મરણ | ૧૦૦ ના | ૩૦–૦–૦ |

**માસ્તર રતિલાલ બી. શાહ**
ડોશીવાડાની પોળ; સિમંધર સ્વામીનો ખાંચો
**અમદાવાદ.**

તા. ક. ફક્ત બે માસ માટે અમદાવાદના એક ગૃહસ્થ તરફથી ઉપરનાં પુસ્તકો, ઉપર કરતાં પણ ઓછી કિંમતે આપવાનાં છે.

## મુંબઇવાસી ભાઇઓને—

# ખુશ ખબર

**શ્રી જ્ઞાન ભંડાર જૈન લાઇબ્રેરી**
**૧૪, ધનજી સ્ટ્રીટ રીફાયનરી બીલ્ડીંગ**
**ચોથે માળે, મુંબઈ ૩.**

અમારા તરફથી સર્વે ભાઇઓને ધર્મના તથા સામાજિક પુસ્તકો વાંચવાનો લાભ મળે તે માટે **શ્રી જ્ઞાન ભંડાર જૈન લાઇબ્રેરી** ખોલવામાં આવી છે. સર્વે ભાઈ–બહેનોને લાભ લેવા વિનંતિ છે.

**ડીપોઝીટ રૂા. ત્રણ; માસિક ફી બે આના**
**ટાઇમ સવારના ૮ થી ૯-૩૦ સાંજના ૭ થી ૮-૩૦**

**લિ. સેક્રેટરી**

## કાનજીસ્વામીજી, નિમિત્ત અને ઉપાદાનની જે ગેરસમજ ઉભી કરે છે ત્યારે આ લેખ તેની વાસ્તવિકતા સમજાવે છે.

## દ્રવ્યગુણપર્યાયનો રાસ:

પૂ. મુનિરાજ શ્રી મુક્તિવિજયજી મહારાજ

આપણે ગતાંકમાં જોઇ આવ્યા કે, સમ્યગ્-દર્શન, દેશવિરતિ આદિ ધર્મો, પરિણામ ધર્મ સ્વરૂપ છે; પણ પ્રવૃત્તિ ધર્મસ્વરૂપ નથી. જો કે સમ્યગ્ દર્શનઆદિ પરિણામ ધર્મમાં ઉપાદાન કારણ તરીકે શાસ્ત્ર વિહિત આત્માના તે તે ભાવો છે અને નિમિત્ત કારણરૂપે જિનકથિત દેવપૂજા, ગુરૂભક્તિ આદિ ઉત્તમ અનુષ્ઠાનો રૂપ પ્રવૃત્તિ ધર્મ છે.

હવે અહિં કોઇ પૂછે કે, કાર્ય માત્રમાં ઉપાદાન કારણ બળવાન છે કે નિમિત્ત કારણ? તેના જવાબમાં જાણવું કે, બંન્ને કારણો પોત–પોતાના ક્ષેત્રમાં સરખાંજ બળવાન છે, પણ એકે કારણની બળવત્તરતામાં લેશ માત્ર પણ ઓછા–વત્તાપણું નથી. ઉપાદાન એ કાર્યરૂપે પરિણમતું હોવાથી જેમ પોતાના ક્ષેત્રમાં તે બળવાન છે તેમ નિમિત્ત કારણ, ઉપાદાન ઉપર ઉપકાર કરતું હોવાથી અને ઉપાદાનને વધુ ને વધુ જલદીથી કાર્ય યોગ્ય બનાવતું હોવાથી તે પણ તેના ક્ષેત્રમાં બળવાન છે. દ્રષ્ટાંત તરીકે, માટી એ ઘટમાં ઉપાદાન કારણ છે અને તે માટી ઉપાદાન કારણ હોવાથીજ ઘટરૂપે પરિણામ પામે છે, જો નિમિત કારણરૂપ દંડાદિ કે કુલાલાદિ માટીમાં વ્યાપાર ન કરે તો ઉપાદાન કારણરૂપ માટી કાર્ય સ્વરૂપે પરિણામ પામતી નથી, ટુંકમાં કુલાલનો વ્યાપાર જેટલો શીઘ્ર અને કુશળતાવાળો તેટલી કાર્યની નજીકતા; એ અનુભવ સિદ્ધ વસ્તુ છે. પ્રસ્તુતમાં ઉપાદાન કારણ રૂપ ભવ્ય આત્મા ઉપર જિનકથિત અનુષ્ઠાનો રૂપ નિમિત્ત કારણો વધુને વધુ ઉપકાર કરતાં હોવાથી પર્યંતે આત્માને સિદ્ધ-સ્વરૂપી પરિણમાવે છે.

બીજું, અભવ્યના આત્માને જેમ નિમિત્ત કારણોનું સતત સેવન છતાં ઉપાદાન દુષ્ટ હોવાથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, તેમ તીર્થંકર દેવના આત્માઓનું ઉપાદાન, નિગોદાદિમાં ઉંચું હોવા છતાં પણ નિમિત્ત કારણોના અભાવે તેમનો આત્મા; આત્મસિદ્ધિ મેળવી શકતો નથી.

**પ્રશ્ન:**—ભગવાન તીર્થંકર દેવનો આત્મા નિગોદાદિમાં પણ ઉપદાન કારણરૂપે સુયોગ્ય કઇ રીતે?

**જવાબ:**—ભગવાન તીર્થંકર દેવો જ્યારે નિગોદાદિ હોય છે ત્યારે પણ ઉપાદાન કારણભૂત તેમનો આત્મા તો ઉંચી કોટીનો જ હોય છે. પણ ક્ષેત્ર, કાળ, ભવ આદિ નિમિત્ત કારણના અભાવે જ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી શકતો નથી. લલીતવિસ્તરા નામના ગ્રંથમાં પરમોપકારી સૂરિપુરંદર ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા, તીર્થંકર દેવના આત્માઓની નિગોદમાં પણ ઉત્તમતા બતાવતાં ફરમાવે છે કે, ખાણમાં રહેલું, માટી મિશ્રિત એવું પણ રત્ન, ખાણ બ્હાર રહેલા ચકચકતા કાચના ટુકડા કરતાં જેમ ચઢીઆતું છે તેમ નિગોદમાં રહેલા પણ તીર્થંકર દેવના આત્માઓ નિગોદ બ્હાર મનુષ્યાદિ ભવમાં રહેલા અન્ય ભવ્ય આત્માઓ કરતાં ચઢીઆતા છે. ફલિતાર્થ એ છે કે, તીર્થંકરદેવના આત્માઓનું ઉપાદાન કારણ ઉંચામાં ઉંચી કોટીનું છે પણ નિમિત્ત કારણના અભાવે જ તેઓ મોક્ષ રૂપ કાર્ય સિદ્ધ કરી શક્તા નથી.

**પ્રશ્નઃ** ઉપાદાન કારણ ઉપર નિમિત કારણો ઉપકાર કરી, ઉપાદાનને કાર્યરૂપે પરિણમાવે છે એ શી રીતે ?

**જવાબઃ** જુઓ, ઘટ બનાવવા માટી એ ઉપાદાન કારણ છે અને કુલાલ તેમજ દંડાદિ એ નિમિત કારણો છે, હવે જો કુલાલ દંડાદિ દ્વારાએ માટીના ચાકડાને ફેરવવારૂપ વ્યાપાર ન કરે તો શું ઘટ થાય? ત્યાં તો માટીના ચાકડાને દંડાદિદ્વારાએ ભમાવતો–ભમાવતો કુંભાર માટીના સ્થાસ, કોસ, કુશુલ વિગેરે ભિન્નભિન્ન આકારો કરે છે અને અંતે માટીને ઘટરૂપ પરિણમાવે છે. વિશેષમાં, દંડાદિ જો માટી ઉપર કાંઇ જ ઉપકાર ન જ કરતા હોય તો ઘટનો અર્થી એવો કુંભાર ઘટ બનાવવા માટે માટી લાવ્યા પછી દંડાદિ શોધવા કેમ મથે છે? એજ વસ્તુ સાબીત કરી આપે છે કે, દંડાદિ, માટી ઉપર અવશ્ય ઉપકાર કરે છે.

અહિં એક એ વસ્તુ પણ ખુબજ ધ્યાન રાખવાની છે કે, નિમિત્તકારણ એ ઉપાદાન ઉપર ઉપકાર કરી ઉપાદાનને કાર્યરૂપે પરિણમાવે છે પણ ઉપાદાન, નિમિત્ત ઉપર ઉપકાર કરી નિમિત્તને કાર્યરૂપ પરિણમાવતું નથી. દંડ એ માટી ઉપર ઉપકાર કરી, માટીને ઘટ સ્વરૂપે બનાવે પણ માટી એ દંડ ઉપર ઉપકાર કરી દંડને ઘટ સ્વરૂપે બનાવે એવું કદી સાંભળ્યું, જોયું કે અનુભવ્યું છે? એજ રીતે વણકર તાંતણા ઉપર ઉપકાર–વ્યાપાર કરી તાંતણાને વસ્ત્ર સ્વરૂપ બનાવે પણ તાંતણા વણકર ઉપર ઉપકાર કરી વણકરને વસ્ત્ર સ્વરૂપ બનાવે ખરા કે? આથી સાબીત થાય છે કે, નિમિત્તકારણ, ઉપાદાન કારણ ઉપર જબ્બર ઉપકાર કરી શકે છે પણ ઉપાદાન, નિમિત્ત ઉપર કંઇપણ ઉપકાર કરી શકતું નથી.

**પ્રશ્નઃ** કાનજીસ્વામીજી કહે છે કે, ઉપાદાન તૈયાર હોય તો નિમિત્ત અવશ્ય હાજર જ હોય અને કાર્ય અવશ્ય થાય જ એ વાત સાચી છે ?

**જવાબઃ** ઉપરના પ્રશ્નના બે અંશો પાડીએ તો બંન્ને અંશો ખોટા છે. પહેલો અંશ જે છે કે, ઉપાદાન તૈયાર હોય તો નિમિત્ત હાજર જ હોય, તે ખોટો છે. કારણ કે વરસાદ પડયા પછી ખેડુતો વાવણીમાં શુદ્ધ બીજ જે વાવે છે. તે બીજ વાવ્યા પછી શું વરસાદ અવશ્ય પડે જ છે કે કોઇવાર દુકાળ પણ પડે છે? અરે, કેઇક વાર દુકાળો પડયા અને હજારો ઢોરો અને માણસોના જાન–માલ ગયા. અહિં બીજ રૂપ ઉપાદાન તો તૈયાર જ છે છતાં નિમિત્ત કારણ રૂપ વરસાદ કેમ પડતો નથી? માટે સાબીત થાય છે કે, ઉપાદાન તૈયાર હોય તો નિમિત્ત હાજર જ હોય, એ સિદ્ધાંત ખોટો છે. વિશેષમાં, ઉપાદાન તૈયાર હોય અને નિમિત્ત હાજર હોય તો કાર્ય અવશ્ય થાય. એ જે પ્રશ્નનો બીજો અંશ છે તે પણ ખોટો છે. કારણ કે ધારો કે, ચાકડા ઉપર માટીનો પીંડો પડયો છે, બાજુમાં દંડાદિ તેમજ કુલાલાદિ નિમિત્તો રહેલાં છે. હવે જો કુલાલાદિ કાંઇ પણ વ્યાપાર ન કરે તો શું ઘટની ઉત્પત્તિ થાય ખરી કે? ઉપાદાન તૈયાર છે, દંડાદિ તેમજ કુલાલાદિ રૂપ નિમિત્તો હાજર છે છતાં કાર્ય કેમ થતું નથી? માટે માનવું જોઇએ કે, નિમિત્ત કારણો જ્યાં સુધી ઉપાદાન કારણ ઉપર વ્યાપાર રૂપ ઉપકાર ન કરે ત્યાંસુધી કાર્યની સિદ્ધિ થતી જ નથી.

**પ્રશ્નઃ** કાનજીસ્વામીજી કહે છે કે, કાર્ય માત્રમાં ઉપાદાન એ કારણ છે પણ નિમિત્ત એ પર હોવાથી કાર્યમાં કારણભૂત નથી. જે

# ચલચિત્રોની અવદશા

શ્રી ચંદુલાલ બી. સેલારકા.

આજ અભિનેતાઓ, અભિનેત્રીઓ અને દિગદર્શકો ચલચિત્રના નિર્માતાના હાથના રમકડાં બન્યા છે. પૈસાના લોભે અને પ્રસિદ્ધના મોહે નટ, નટીઓ ગમે તેવી હલકી ભૂમિકા ભજવતાં પણ અચકાતાં નથી. દિગદર્શકો પણ ગમે તેવા હલકા ચિત્રો ઉતારવા તૈયાર થાય છે. આજે લગભગ પોણા ભાગના ચિત્રો પ્રજાને ચારિત્ર્યહિન બનાવવામાં અગ્રભાગ ભજવે છે. વાસ્તવિક જગતમા જેમ યુગ કાળાનુક્રમે બદલાતો રહે છે તેજ પ્રમાણે સીનેજગતમાં પણ ચિત્રોના યુગ બદલાયા કરે છે. પ્રારંભકાળમાં પ્રજાએ સ્ટંટ ચિત્રોને આવકાર્યાં. પરંતુ તે ચિત્રોએ પ્રજાને શું આપ્યું? સાહસીકતાને બહાને તેણે કેવળ અશકય અને અસંભવિત વાતોથી પ્રજાને છેતરી. શુદ્ધ હાસ્યરસને બદલે તેણે અશ્લીલ અને શૃંગારપૂર્ણ હાસ્ય, પ્રજાને પિરસ્યું. ધીમે ધીમે ચિત્રોનો યુગ બદલાતો ગયો. સામાજિક ચિત્રોએ સ્ટંટ ચિત્રોનું સ્થાન મેળવ્યું. સમાજની ઉન્નતિમાં એ ચિત્રોએ શું ભાગ ભજવ્યો? સમાજની પ્રગતિરોધક પ્રશ્નોની છણાવટ કરવાને બદલે ફક્ત તેણે પ્રણય-ત્રિકોણો જ રજુ કર્યાં, જુદા જુદા સ્વરૂપે. પછી આવ્યો ઐતિહાસીક અને પૌરાણિક ચિત્રનો યુગ. ઈતિહાસની મહાન વ્યક્તિઓના જીવનને તેણે શૌર્યથી, ત્યાગથી અને વીરતાથી અમર બનાવવાને બદલે, તેજ રીતે રૂપેરી પડદા ઉપર પ્રતિબિંબીત કરવાને બદલે તેણે ત્યાં પણ પ્રણય કિસ્સાઓ અચૂક ગુંથી દીધા. અગર તો પ્રજાને જોવા યોગ્ય બનાવવા માટે ખરા ઇતિહાસનું ખુન કરી નવા સ્વરૂપે રજુ કર્યાં. પૌરાણિક બાબતમાં પણ એવુંજ બન્યું છે. શ્રી કૃષ્ણ અને બીજી સાધુ ચરિત વ્યક્તિઓને તેણે ફક્ત ગોપીઓ સાથે નાચતી કે ભોગવિલાસ કરતી બતાવી. આ છે ફિલ્મ–ઉદ્યોગની પરાવર્તન કથા, કયે પ્રસંગે પ્રજાની ભાવના ઉચ્ચ બને તેવા પ્રજા જીવનના ઘડતરમાં ફાળો આપે એવા, પ્રજાની ચારિત્ર્ય શુદ્ધિ કેળવે તેવા કે પ્રજાની મર્દાનગી ખીલે તેવા ચિત્રો તેણે આપ્યા છે?

---

પર હોય તે કાંઇ કરી શકે નહિ તે વાત સાચી છે?

**જવાબઃ** નિમિત્ત એ પર હોવાથી કાંઇ કરી શકે નહિ એ માન્યતાને ખરૂં જોતાં કાનજીસ્વામીજી અને એના અનુયાયીઓ પણ હઃયાથી સત્ય સ્વરૂપે સ્વીકારતા નથી પણ જીભેજ કહે છે. જે વખતે સોનગઢ મુકામે સ્વામીજી કુંદકુંદ મંડપમાં સમયસાર ગ્રંથ વાંચી રહ્યા હોય, ભકતમંડળ તે સાંભળી રહ્યું હોય તે વખતે બહાર કોઇ મોટો ઘોંઘાટ કરે, જોરથી બેંડ વગાડે કે મોટી ધમાલ કરે તો શું કાનજીસ્વામી કે તેના અનુયાયીઓ તેને રોકે નહિ ખરાકે? એ વખતે પેલા ઘોંઘાટ કરનારા વગાડનારા કે ધમાલ કરનારા એમ કહે કે, ભાઈ, આ ધમાલ, ઘોંઘાટ કે વાજીંત્રોના નાદો સ્વામીજીની વાણીથી પર છે. તમારા શ્રવણથી પણ પર છે અને પર કાંઈ કરી શકતું નથી એ પણ તમારોજ સિદ્ધાંત છે. માટે નાહક અમને શામાટે અટકાવો છો? ધમાલીઆઓની આ વાતનેં માન્ય રાખીને તેઓ ચુપચાપ ચાલ્યા જાય ખરાકે? અરે, નિમિત્ત પર છે માટે કંઈ કરી શકતુંજ નથી એવું માનનાર કાનજીસ્વામીજી શા માટે ભક્તોને રોજ બે કલાક ઉપદેશ આપે છે. શું ભક્તોથી પોતે અને પોતાની વાણી પર નથી? શા માટે સ્વામીજી એક સમયસાર જ ગ્રંથ વાંચે છે અને બીજા ભગવતીજી કે આચારંગાદિ કેમ નથી વાંચતા? જો સમયસાર ગ્રંથ સ્વામીજીની દૃષ્ટિએ પર જ છે અને એ કંઇ પણ લાભ કરી શકતો નથી તો આચારંગાદિમાં પણ પરત્વ સમાન જ છે પછી અમુકજ ગ્રંથ વાંચવા અને અમુક કેમ નહિ?

Reg N. B. 4925

# વિધિસહિત-પંચપ્રતિક્રમણ

જેને વિધિનો ખ્યાલ ન હોય તેઓ આ પુસ્તકમાં જોઇ પ્રતિક્રમણ કરી શકે છે. વિધિ પ્રમાણે સૂત્રો ગોઠવવામાં આવ્યાં છે. સાથે નવપદ ઓળીની વિધિ તથા સ્તવનો વગેરેનો સંગ્રહ છે. પાકું બાઇન્ડીંગ ૨૮૮ પેજ મૂલ્ય; રૂા. ૨-૪-૦ પોસ્ટેજ અલગ.

# નિત્ય સ્વાધ્યાય-
# પ્રકરણાદિ સંગ્રહ

જેમાં નવસ્મરણ, ચારપ્રકરણ, ત્રણ-ભાષ્ય, છકર્મગ્રંથ, મોટીસંગ્રહણી, ક્ષેત્ર-સમાસ, તત્ત્વાર્થ, દશવૈકાલિકનાં દશ અધ્યયન, સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાનાં સૂત્રો, વૈરાગ્યશતકાદિ અનેક સ્તોત્રોનો સંગ્રહ છે.

પાકું બાઇન્ડીંગ ૩૦ ફર્માનું પુસ્તક રૂા. સવાત્રણમાં; પોસ્ટેજ અલગ.

**સોમચંદ ડી. શાહ.**

જીવન નિવાસ સામે-પાલીતાણા.

:: મુદ્રક :: અમરચંદ બેચરદાસ મહેતા
શ્રી બહાદુરસિંહજી પ્રિં. પ્રેસ-પાલીતાણા.